જન ભંડાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

[illegible]દીન હુસેનુદ્દીન નીઝામી

[illegible]સેલર્સ એન્ડ પબ્લીશર.

ઠે० [illegible] દરવાજા—અમદાવાદ

[illegible] પ્રત [illegible]૦૦૦.

સને ૧૯[illegible]૩

[illegible] મુળચંદભાઇ ત્રિકમલાલે

[illegible] દરવાજા—અમદાવાદ.

કીમત રૂ ૦-૮-૦

ભજન ભંડાર.

અમે વહેવારીઆ શ્રી રામનામનારે. (૨૬)

. ી આવે છે બધા ગામ ગામનારે—સંતો૦

ારૂં વસાણું સંતો, સૌકોને ભાવે. (૨)

વરણ જેને વહોરવાને આવે—સંતો૦

કરોડ લેખ્યા નહી, ને પાર વિનાની પુંજી. (૨)

તું હોય તો વ્હોરી લેજો,કસ્તુરીછે સોંઘી-સંતો૦

રોને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,

ામાં ચતુર્ભુજ લખીયા, નરસૈયાનું કામ—સંતો૦

૨

ઘેર હરીજન હરીરસ ગાય, તેતો નીત્ય ગંગામાં નાય(૨)

ડસઠ તીરથ ગુરૂને આંગણે, (૨) દુર ગયે શું થાય—જે.

ધ્રુવ નાથા પ્રલ્હાદ નાહયા, હેતે નાથા હનુમાન;
પ્રીત કરી પરીક્ષત નાથા (૨) જોગી શુકદેવ ગાય-
સહુ સંત મળી ધારણુ બાંધ્યું. જ્ઞાન ગંગા તોલાય (૨
જળપત તીરથ જોડે મળ્યા(૨)તેમાં સર્વ સાધન મળી જા
ભલેમળ્યા મહેતા નરસિંહના સ્વામી, હેતે હરીના ગુણગાર
જ્ઞાનગંગાનો મહિમા મોટો, મુખે કથ્યો નવજાય-જે. (

૩

હરીનો મારગ છે શુરાનો નહી કાયરનું કામ જોને;
પરથમ પહેલું મુસ્તક મુકી, વળતી લેવું નામ જોને
સુત વિત્ત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને
મરણુ આગળ તે ભરે મુઠી, દીલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુવે તમાસો, તે કાડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને.
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને;
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને;
માહાપદ પામ્યા તે મરજીવા, મુકી મનનો મેલ જોને.

રામ અમલમાં રાતામાતા, પ્રેમી જંન જોને;
પ્રીતમના સ્વામીની લીલા, નીરખે રજની દિન જોને.

૪

હરીને ભજતાં હજુ કોઇની લાજ, જતાં નથી જાણીરે;
જેની સુરતી શામળીયા સાથ વદે વેદ વાણીરે. [ટેક]
વહાલે ઉગાર્યો પ્રલ્હાદ, હિરણ્યકશ્યપુ માર્યોરે;
વિભીષણને આપ્યું રાજ્ય રાવણ સંહાર્યોરે. હ૦૧
વહાલે નરસીંહ મહેતાને હાર હાથોહાથ આપ્યોરે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યોરે. હ૦૨
વહાલે મીરાં તે બાઈનાં ઝેર, હળાહળ પીધાંરે;
પંચાળીનાં પુર્યાં ચીર, પાંડવ કામ કીધાંરે હ૦૩
આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશેરે;
કરજોડી કહે પ્રેમલદાસ, ભકતોનાં દુઃખ હરશેરે. હ૦૪

૫

તારા મનમાં જાણે જે મરવું નથીરે,
એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભુલી ગયો ભગવાનનેરે. ટેક.

ધન દોલત નારીને ઘણા દીકરારે,
ખેતીવાડી ઘોડા ને દરબાર. તેમાં૦૧
મેડી મંદિર ઝરૂખાને માળિયાંરે,
સુખદાયક સુંદર સેજ. તેમાં૦૨
ગાદી તકીયા ને ગાલમસુરીયાંરે,
અતિ આડ કરે છે એજ. તેમાં૦૩
નીચી ખાંધ કરીને નમતો નથીરે,
એવું સાધુ સંગાથે અભિમાન. તેમાં૦૪
વનમાળી મોહનજીની મુરતિરે
તેની સાથે ન લાગે તાન. તેમાં૦૫
પાપ અનેક જન્મનાં આવી મળ્યાંરે,
તારી મતિ મલિન થઈ મંદ. તેમાં૦૬
દેવાનંદના વહાલાને વિસરી ગયોરે,
તારે પડયો ગળે જેમ ફંદ તેમાં૦૭

૬

તારે માથે નગારાં વાગે મોતનાંરે
નથી એક ઘડીનો નિરધાર

તોય જાણ્યા નહિ જગદીશનેરે. ટેક.
મોટા મેલી ગજ મરી ગયારે.
જોને જાતાં ન લાગી વાર. તોય૦ ૧
તારૂં જોબન ગયું જમ આવતુંરે,
માથે કાળા મટી ગયા કેશ. તોય૦ ૨
તત્કાળે લેવાને જમ આવીયારે,
તેનો ભાળી ભયંકર વેશ. તોય૦ ૩
રોમ કોટી વિછુતણી વેદનારે,
દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય૦ ૪
સગાં સ્વારથી મળ્યાં સૌ લુટવારે,
તેનું જરાએ ન ચાલે જોર. તોય૦ ૫
જીભ ટુંકી પડી ને તુટી નાડીયોરે,
થયું દેહ તજ્યાનું તત્કાળ. તોય૦ ૬
દેવાનંદ કહે નવ જાણ્યા નાથનેરે,
મળ્યો મનુષ્યદેહ વિશાળ. તોય૦ ૭

૭

સુખ છે તમારા શરણમાં–હો શામળીયાજી,
એ મારા ગુરૂએ કહ્યું કરણમાં–હો શામળીયાજી. (ટેક)

જપ તપ તીરથ ચારે પદારથ હો વાલા,
એ મારા ગુરૂજીના ચરણમાં—હો શામળીયાજી—સુખ૦
પ્રેમે કરીને મારે મંદીર પધારો વહાલા,
ન જોશો જાત કુળ વરણમાં—હો શામળીયાજી—સુખ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા (૨)
આડે આવજો મારા મરણમાં—હો શામળીયાજી—સુખ૦

૮

સુખ દુખ મનમાં ન આણીયે, ઘટ સાથેરે ઘડીયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં—સુખ૦
નળરાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી;
અરધેવસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યું અન્નને પાણી—સુખ૦
પાંચ પાંડવ સરખા બાંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નીંદ્રા ન આણી. સુ૦
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી—સુખ૦
રાવણ સરખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકાં લુટાણી સુખ૦

હરિશ્ચંદ્રરાય સત્યવાદીઓ, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી —સુખ૦
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભુદરે, મહેતા નરસઈનો સ્વામી—સુખ૦

૯

હરિજનથઇને, હાણ વૃદ્ધ સુખદુઃખ મનમાં નવધારીયે;
...જ્યાં નહિજ ટળે, ઘટ સાથે ઘડીયાં હિંમત નવહારીયે,
જુઓ કદરત મહાદુઃખીયા કહાવ્યારે,
કદી સુખ દુઃખ મનમાં ન લાવ્યારે;
તોએ મોહનના મનમાં ભાવ્યારે—હરિજન.
જુઓ પાંડવ પ્રભુજીને અતિ પ્યારારે,
પણ એક ઘડી નવ રહે ન્યારારે;
તોય વન ભટકયા સંગ લઇ દારારે—હરિજન
વસુદેવ દેવકીજી બેઉ બંધન રહ્યાંરે,
બહુ કાળનાં બંધન દુર થયાંરે;
પ્રભુ પુત્ર થયાને દુઃખ દુર ગયાંરે—હરિજન.
એવું સમજીને હરખ ને શોક તજીયેરે,

એક તાર મન થઈ પ્રભુને ભજીયેરે;
કહે મુક્તાનંદ હરિને ભજીયેરે—હરિજન.

૧૦

પ્રભુએ ધાર્યું હોય તે થાય,
ડહાપણ કોઈનું કામ ન આવે;
કરોને કોટી ઉપાય—હાંરે હાંરે કરોને પ્રભુ.
ભીમ, અરજુન, સહદેવ, નિકુળ,
પાંચમા ધર્મ કહેવાય;
એ પાંચેના દેખતાં જરે,
સતી કેમ તે લુંટાય—પ્રભુ.
રામ જેવા સત્પુરૂષ કહીએ,
ને તે પણ વનમાં જાય,
સતી સીતાને કલંક સહ્યાં—યો;
તો રાવણ શીર રોસાય—પ્રભુ.

૧૧

જીવ તું શીદને ચીંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે. [ટેક]
તું અંતર ઉદ્વેગ કરે, તેથી કારજ શું સરે;

ધણીનો ધાર્યો મનસુબો હરબ્રહ્માથી નવ ફરે—કૃષ્ણ૦
દોરી સર્વની એના હાથમાં, જરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે—કૃષ્ણ૦
જેવું જેટલું જે જેમ કાળે, તે તેને કર ઠરે;
તેમાં ફેર પડે નહિ કોઈથી, શીદ કુટાઇને મરે—કૃષ્ણ૦
તારૂં ધાર્યું થાય એટલું, હરી ઈચ્છા અનુસરે;
સદાકાળ એ રીત નજે નહિ, શીદ હું પણ મનમાં ધરે—કૃ૦
થવાનું તે અણચીંતવ્યું થાશે, ઉપનિષદ ઉચરે;
રાખ ભરોંસો રાધાવરનો, દયા તું શીદને ડરે—કૃષ્ણ૦

૧૬

સર્વ તજીને ભજીયે શ્રીગોવીંદને,
જે નારાયણ નોધારાનો આધાર જો;
ભાગે સંકટ કુડાંરે સંસારનાં,
જે નામે ઉતરીયે ભવપાર જો—સર્વ૦
અપર માને વચને ધ્રુવજી વન ગયા,
નારદજીએ દીધો છે ઉપદેશ જો;
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયાં;

પ્રભુ પુજ્યા કાંઇ ત્યાં જઇ બાળે વેશ જો—સર્વ૦
દૈત્ય પુત્ર પ્રલ્હાદજી આગે થયા,
લાગ્યો છે કાંઈ પિતા પુત્રનો વાદજો,
સ્તંભ થકી પ્રગટયારે નરસિંહ રૂપ ધરી,
શ્રી મહાપ્રભુએ દીધો તેને સાદજો—સર્વ૦
લાખ્યાગ્રહમાં પાંડવોને આવી મળ્યા,
ભકતજનોને દીધી છે ઘણી ધીરજો,
સમરણ પહેલાં આવ્યા છોરે તમે સદા,
ભકતજન ઉગાર્યા પાંચે વીરજો—સર્વ૦
સુદામાનું દારીદ્રપણું તે જાણીયું,
મુષ્ટિલ તાંદુલ આરોગ્યા મહારાજજો;
દાસ દયાના પ્રભુએ કરૂણા કરી,
ભકતજનનાં કીધાં કોટીક કાજજો.—સર્વ૦

૧૩

ધન્ય જેણે હરિગુણ ગાયા—સંસારીયામાં. ધન્ય.
બીજા સૌ જાણજો ભવાયા—સંસારીયામાં. ધન્ય.
હાથી ઘોડા સુખપાલ બેઠે શું થયું (૨)

શું થયું મેળવી માયા—સંસારીયામાં ધન્ય.
કંઠ સાહીને જમ કાઢશે પલમાં,
દુર રહેશે સુત વિત્ત જાયા—સંસારીયામાં ધન્ય.
દયા પ્રીતમ ભજો નંદના કુંવરને, (૨)
સફળ થાશે તારી કાયા—સંસારીયામાં ધન્ય.

૧૪

વહાલો પ્રેમને વશ થયા રાજીરે,
એમાં શું કરે પડીતને કાજીરે. વહાલો૦

કરમાબાઇનો આરોગ્યો ખીચડો,
ને વિદુરની ખાધી ભાજી;
જુઠાં બોર શવરીનાં ખાધા,
વહાલે છપ્પન મેલ્યા ત્યાગીરે. વહાલો૦

વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા,
ને કેળાં આણ્યાંતાં માગી;
ગર્ભ કાઢી નાખીને છાલ ખવરાવી,
વહાલે તોએ ન જોયું જાગીરે. વહાલો૦

ગુણકા હતી ને પોપટ પઢાવતી,
ને તેમાંથી નેહ લાગી;
ભગવાન હતા તે સહેજમાં મળ્યા,
એની સંસારની ભ્રમણા ભાગીરે, વહાલો.

ભક્તની લોક નિંદા કરે,
ને જગત થયું છે બહુ પાજી;
ભલે મળ્યા મહેતા નરસૈંહનો સ્વામી,
માથે ગીરધર રહ્યા છે ગાજીરે. વહાલો.

૧૫

જે કો પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. ટેક.
સિંહણકેરૂં દુધ હોય તે, સિંહણ સુતને જરે; (૨)
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નિસરે-પ્રેમ૦
શકરખોરનું શાકર જીવન, ખરના પ્રાણજ હરે; (૨)
ક્ષારસિંધુનું માછલડું, જેમ મીઠા જળમાં મરે પ્રેમ૦
સોમવેલી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે; (૨)
બળગવંશીને વમન કરાવે, વેદ વાણી ઉચ્ચરે, પ્રેમ૦

ઊત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ન સરે,
મચ્છભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ન ભરે પ્રેમ૦
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરૂષોત્તમ પુંઠ નફરે; (૨)
દયા પ્રીતમ શ્રીગોવરધન ધર, પ્રેમભક્તિયે વરે. પ્રેમ૦

૧૬

રામબાણ વાગ્યાં હોય તે જાણે,
 દયા મુરખ મનમાં શુ આણે. (ટેક)
 ધ્રુવને વાગ્યાં પ્રલ્હાદને વાગ્યાં,
તો ઠરીને બેઠા ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં,
એ તો વેદ વચન પ્રમાણે—રામ૦
મોરધ્વજ રાજાનું મન હરી લેવા,
હરિ આવ્યા તે ટાણે;
લઈ કરવત મસ્તકપર મેલ્યું,
પત્નીપુત્ર બેઉ તાણે—રામ૦
મીરાંબાઇપર ક્રોધ કરીને,
રાણોજી ખડગજ તાણે;
વિખના પ્યાલા ગીધરલાલે આરોગ્યા,

એ તો અમ્રતને ઠેકાણે—રામ૦
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી,
ખેપ ભરી ખરે ટાણે,
આગળ સંત અનેક ઊગાર્યા,
એવું ધનો ભગત ઉર આણે—રામ૦

૬૭

મારે વર તો વિઠલ વરને વરવું છેરે,
હાંહાંરે મારે વર તો—
બીજાને મારે શું કરવું છે, મારે વર તો૦
નંદના કુંવર સાથે નેહડો બંધાણો હાં. (૨)
મારે ધ્યાન ધણીનું ધરવું છે રે,
હાંહાંરે મારે ધ્યાન. બીજાને.
અવર પુરૂષની મારે આશ નથીરે હાં (૨)
મારે છોગાળાને છેડે પાર પડવું છે રે.
હાંહાંરે મારે છોગાળા. બીજાને.
સંસાર સાગરમાં મોહજાળ ભરીયોરે હાં. (૨)
મારે હરિનાભરોસે તરવું છે રે,
હાંહાંરે મારે હરિને. બીજાને.

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ હાં. (૨)
મારે રાસમંડળમાં ફરવું છે રે,
હાંહારે મારે રાસ.

૧૮

શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીજી સ્વામી શામળીયા વાલા,
સઘળુ સમજો છો અંતરજામી. નંદલાલારે.
ભય તો લાગે છે મુજને ભારી, શામળીયા વાલા;
અંતકાળે શી વલે થશે મારી. નંદલાલારે.
સેવા સમરણ ભાવે કીધું, શામળીયા વાલા;
રંક સાધુને દુખ દીધું. નંદલાલારે.
વેદધર્મને વિસાર્યા, શામળીયા વાલા;
અવગુણ ભર્યા છે મુજમાં સારા. નંદલાલારે.
સઉ જાણે છે ભક્ત સાચો શામળીયા વાલા;
પાખંડી પાપી નથી કાચો. નંદલાલારે.
બાંહ્ય ગ્રહ્યાની લાજ ધરજો, શામળીયા વાલા;
પીડા ન પામું એવું કરજો. નંદલાલારે.
સન્મુખ લોચનમાં આવી રહેજો, શામળીયા વાલા;
ાપ ન દેજોશો દર્શન દેજો

શ્રીમુખ બોલ્યા તે સાચું કરજો, શામળીયા વાલા;
દુખ દયાનાં સર્વે હરજો. નંદલાલારે

૧૯

કાયા જીવને કહે છેરે, સુણો મારા પ્રાણપતિ;
મેલી મુજને ક્યાં જાઓછોરે, આ વગડામાં અથડાતી. ૧
જીવ તમારા લીધેરે ચાલુ છું હું મદમાતી;
તમ વીના નહી મારેરે, આ દેહીના સંગાથી. ૨
જ્યારે તમે જાશોરે, ત્યારે તો મારી શી રૂગતી;
જ્યારે જાવુંજ હતુંરે, ત્યારે પ્રીત કરવી નતી. ૩
ઘણાં લાડ લડાવ્યારે ભેગી બેસી જમતી,
હવે કેમ તરછોડીરે, આવી કેમ ફરી મતી. ૪
કોઈક ગુરૂજ મળીઆરે, અગમ અગાધ ગતી;
કરશે બ્રહ્મ સ્વરૂપેરે એ હું જાણતી નોહોતી. ૫
છો દેવ નીરંજનરે મુળે મંગળ મુરતી;
તારો ભેદ ન જાણ્યોરે, એવી તારી અકળગતી. ૬
મારી કરણી ના જોશોરે હું કરજોડી કરગરતી;
મેલી માયાને ચેતનરે ચાલ્યા અમરાવતી.

દાસ નારણસિંગ કહે છેરે, માયા પછી રહી રોતી;
ગુરૂ ગોવિંદને ભજશેરે, થશે તેની સત્ય ગતી. ૯

૨૦

જીવ કાયાને કહેછે રે, હું પંખી છું પરદેશી;
અમે કયાં સુધી રહીએ રે, નથી અહીંના રહેવાશી.
તારા મોહના તે ફંદામાં રે પડી અમને ફાંસી;
તારી વાસના લીધીરે, ફર્યો લખ ચોરાશી. ૨
ગુરૂએ સમજ પાડીરે, જોયું સરવે તપાસી;
નીરખ્યા બ્રહ્મ સ્વરૂપનેરે, પોતાનું રૂપ પ્રકાશી. ૩
મારી દેડજ મેલીરે, શાને કરો ઉદાશી;
તમને તીરથ કરાવ્યાંરે, શ્રીગંગાને કાશી. ૪
થયા રૂપ અરૂપરે, માયા ત્યારે દુર ખશી;
ભળ્યા તેજમાં તેજરે હરી જેને ગયા વશી. ૫
દાસ નારણસીંગ કહે છેરે, અચળ થયા અવિનાશી
ગુરૂ ગોવિંદ ભજશેરે, અમરાપુરના વાશી ૬

૨૧

જોડુરે એક મેનાપોપટનું, પાંજરૂ આ કાયા કંચનનું;
મેના માયા હરીની દાસી, ચૈતન પોપટજી અવિનાશી.

જુઓને અંતરમાંપ્રકાશી. જોડુ૦ ૧
કારીગર પુરા કહેવાતા, પચરંગી પાંજરૂં ઘડતા;
તેમાં માંહી પોપટજી રહેતા. જોડુ૦ ૨
ચૈતનનું તો તેજ ઘણું રે તપે, શોભે પરબ્રહ્મના રૂપે;
બેઠારે માંહી મહામંત્રને જપે. જોડુ૦ ૩
મેનારેમાયાપોપટનીનજરેપડી, પોપટજીનુંમનડુંલેઇહરી;
પોપટજીની મત સમુળગી ફરી. જોડું ૪
મેનારેતુંતો આવનેઓરી, મારીનેંતારી સરખીબંનેજોડી;
મેનાએ નાંખી મોહતણી દોરી. જોડુ૦ ૫
હવેરે મેનાકહે છે પોપટને, આવીતે હુ તો વરૂછું તમને;
રખેને દગો દેતાજી અમજે. જોડુ૦ ૬
એવું રે સુણીપોપટથયોબેહાલ, તેમતેમમેનાકરેજઇહ્વાલ;
મેનારે તને કરવાનો હું ન્યાલ' જોડુ૦ ૭
હવેરે મેનાપોતેમનમાહસી, હુંતોપેલાપોપટનેરૂદિયે વસી;
એનેરે લેઇફેરવું ચોરાશી. જોડુ૦ ૮
પોપટજી તો ભણવુંએ ભુલી ગયા, જઈને પેલી મેના-
ના વશમાં રહ્યા;
પોપટજી હવે મોહ દરીયામાં વહ્યા. જોડુ૦ ૯
હવેરેમેનાપોપટજીબંનેને, બેઠારેહતા કાળ બીલાડો કને;

જઈને પેલા પોપટજીને હણે. જોડુ૦ ૧૦
હવેરે પોપટને લાગ્યું ખારૂં,પેલું રે સુખકયાંગયું રેમારૂં;
પડે છે મારે મરવું ને અવતરવું. જોડુ૦ ૧૧
ચૈતન મટી જીવસ્વરૂપે થયા, જ્યારે પેલી માયાના
વશમા રહ્યા.
માટેરે લખ ચોરાશીનાં ગયા જોડુ૦ ૧૨
નારણસીંગ ગુરૂ ચરણની આશ, માયા થકી થઇ ને
બેઠો છું નિરાશ;
આપોને હરી ચરણકમળમાં વાસ. જોડુ૦ ૧૩

૨૨

નાથકેસેગજરાબંધછોડાયો, એહીઅચરજમોહેઆયો. ટેક
ગજ ઓર ગ્રાહ લડતજલભીતર, લડતલડત ગજ હાર્યો;
જવપુર સુંઢ રહી જબ ઉપર, તબ હરી નામ ઉચાર્યો. ૧
સવરીકે બોર સુદામાકે તાંદુલ,રૂચીરૂચી ભોગ લગાયો;
દુરજોધનકો મેવોહી ત્યાગ્યો,ભાજી વિદુર ઘર પાયો. ૨
પેઠે પાતાળ કાળીનાગ નાથ્યો, ફેણપર નરત કરાયો;
ગીરી ગોવરધન કરપર ધાર્યો, નંદ ઘેર લાલ કહાયો. ૩
અંગાસુર માર્યો બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો

સ્થંભ ફોડી હિરણાકશ્યપમાર્યો, નરસિંગ નામ ધરાયો. ૪
અજામેલ ગજ ગુણકા તારી દ્રાપતીકા ચીર પુરાયો;
પયપાન કરતાં પુતના મારી, કુબજાકો રૂપ બનાયો. ૫
દુરજોધનકો માન ઘટાયો, મોહી ભરોસો આયો;
સબસખીયન મીલી કંગન બાંધ્યો, રેશમ ગાંઠ બંધાયો. ૬
છુટે નહિ રાધાજીકો કંગન, દસે એ ધનુષ ઊઠાયો,
ખોલ કોટડી પાદલ ધાયો, ગરૂડકુ નાજ સંતાયો. ૭
છુટે નહી રાધાજીકો કંગન, ઓ બલ કાંહાંરે છુપાયો;
જોગી જાકો ધ્યાન ધરતહે, ધ્યાન ધરત નહિ આયો;
સુરદાસ પ્રભુ તિહારો મિલનેકું, જસોદાકી ધેનચરાયો. ૮

૧૩

તેરે દયાધરમનહી મનમેં, મુખડાકયા દેખે દરપનમે. ટેક.
જબલગ ફુલ રહે ફુલ વાડી, બાસ રહે નીજ ફુલનમેં;
એક દીન એસી હોજાવેગી, ધની ઉડેગી તનમેં. મુ૦૧
ચુવાચ દન અબીર અરગજા, શોભે ગોરે તનમેં;
ધન જોબન ડોંગરકા પાની, ઢલ જાવેગા ખીનમેં. મુ૦૨
નદીયાં ઘેરી હરી નાંવ પુરાની ઊતરે ચાહે સંગમેં;
સુરમુખ હોય સો પાર ઉતરે, નુગરા ડુબે ઉનમેં. મુ૦૩

કવડી કવડી માયા જોડી, સુરત પુરી નિજ ધનમે;
દશ દરવાજા ઘેરલીયે જમ, રહી ગઈ મનકી મનમે મુ૦૪
પથરીમાં બાંધે પગસવારે, ઝુલા ઝુલે પવનમે
કહેકબીરા સુનોભાઇ સાધુ, બેકજા લડ રહે મનમે મુ૦૫

૨૪

જ્યાં જોશો ત્યાં દુખીયા બાબા, એકયા વડ રહે મનમે;
જોગી દુખીયા જંગમ દુખીયા, તપસીકું દુઃખ દુના;
આશા મનસા સબ વ્યાપી, કોઇ પહેલ નહી સુના. ૧
રાજા દુખીયા પ્રજા દુખીયા, દુખીયા ઘર બેરાગી; ૨
દુઃખ કારણસે શુકદેવને, ઉદરકી માયા ત્યાગી. ૨
સાચ કહે તો સબ જગ દુખીયા, જુઠા કહી નજાઇ;
બ્રહ્મા વિષ્ણુ શંકર દુખીયા, જીન્ને સૃષ્ટિ જમાઈ. ૩
ધુત દુખીયા અબધુત દુખીયા હય ધન રંકા,
કહેત કબીરા નહિ એ દુખીયા, જીને મનકુ જીતા, ૪

૨૫

ધન્ય ડાકોર રૂડું ગામ, વસે મારો વહાલોરે;
ચામળીઓજી ચતુરસુજાણ, તેને જોવા ચાલોરે. ૧

બહુ બોડાણાની પ્રીતે, પ્રભુ પધારયારે;
અહીંઆં આવી ઉત્તમ કીધા કે,અધમ ઉધારયારે. ૨
ઘણા પાપી તે પાવન થાય, દરશન કરતાંરે;
દુઃખ જનમ મરણનાં જાય સામાં ડગ ભરતાંરે.
એવો આનંદ રૂપી અખંડ, અંતરજામીરે;
વહાલો પ્રેમતણે વશ થાય, પ્રિતમજીનો સ્વામીરે;
એતો ભકિતતણે વશ થાય, પ્રિતમજીનાસ્વામીરે. ૪

૨૬

ગોવિંદ પ્રાણ અમારોરે;મને જાુગ લાગ્યો ખારોરે;
મુને મારો રામજી ભાવેરે, બીજોમારી નજરે ન આવે.૧
મિરાંબાઈના મોહોલમાંરે,હરિસંતનો વાસ;
કપટીથી હરી દુર વસેરે, મારા સંતનકેરી પાસ. ગો. ૨
રાણાજી કાગળ મોકલેરે, દેજો મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમે રાખો દુનિયામાં લાજ. ૩
મિરાંબાઇ કાગળ મોકલેરે, દેજો રાણાને હાથ;
સાધુની સંગત કબહુ ન છોડું,નહિ રહું તમારી પાસ. ૪
વીખનો પ્યાલો રાણે મોકલ્યોરે, દેજો મીરાંને હાથ;
અમૃત કરી મીરાં પીગયાંરે, જેનો હરીયે ઝાલ્યો હાથ ૫

સાંઢવાળા સાંઢ શણગારજેરે, જાવું સો સો કોસ.
રાણાજીના દેશમાં, મારે જળરે પીવાનો દોષ. ૬
ડાભો મેહલો મેવાડનોરે, મિરાં ગઇ પુરવ માંય;
સરવ છોડી મિરાં નીસર્યાં, જેનું મનડું હરિ માંય. ૭
સાસુ અમારી સુશુમણારે, સસરો પરમ સંતોષ;
જેઠ જુગોજુગ જીવજો, મારો નાવલીઓ નીરદોષ. ૮
ચુંદડી ઓઢું તારે રંગ ચુવેરે. રંગ સોરંગી હોય;
ઓઢું હું કાળો કાંબળો, દુજો ડાઘ ન લાગે કોય. ૯
મિરાં હરીની લાડણીરે, રહેતી સંત હજુર;
સાધુ જનને હલતેશુ પેલો હલ કપટીથી દુર. ૧૦

૨૭

માગત માખણ રોટી, ગોપાળ પ્યારે માગત માખણ રોટી;
મેરેગોપાળજીકું રોટી બનાદઉં, એકછોટીને બીજીમોટી ગો.
મેરે ગોપાલજીકું બિહા કરૂંગી, બ્રખુમાનકી બેટી. ગો૦
મેરે ગોપાલકું અંગીઆ બનાદઉં, માથે કલંકીટોપી.ગો૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચીત
જોતી. ગો૦

૨૮

વાટ જુએ છે મીરાં રાંકડી ઉભી ઉભી વાટ ટેક.
મુનીવર સ્વામી મારે મંદીર પધારોરે;
વાલા સેવા કરે છે દીન રાતડી, ઉભી ઉભી વાટ. ૧
ફુલના તે હાર ને ફુલનાતે ગજરારે;
ફુલના તોરારે ફુલ પાંખડી, ઉભી ઉભી વાટ. ૨
ફુલનાં પકવાન મીઠાઇયોને મેવારે,
ઘેબર જલેબી તણી સાંકળી, ઉભી ઉભી વાટ. ૩
લવીંગ સોપારીને પાનનાં બીડલારે,
એલચીદાણા ને તજ પાંખડી, ઉભી ઉભી વાટ. ૪
સાવ સોનાનાં સોગઠાં ઢાળ્યાંરે,
રમવા આવોતો જાય રાતડી, ઉભી ઉભી વાટ. ૫
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ,
જોતાં ઠરે છે મારી આંખડી, ઉભી ઉભી વાટ. ૬

૨૯

મુખડાની માયા લાગીરે મોહન તારા. ટેક
મુખડું મેં જોયું તારૂં સરવે જુગ થયું ખારૂં;
મન મારૂ રહ્યું ન્યારૂંરે, મોહન તારા. ૧

સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએરે, મોહન તારા. ૨
સંસારનુ સુખ કાચું, પરણીને રંડાવુ પાછું;
તેને ઘેર શીદ જઈએરે, મોહન તારા. ૩
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સોભાગ્ય મારો;
રાંડવાનો ભય ટાળ્યોરે. મોહન તારા. ૪
બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ વહાલા;
હવે હું તો બડભાગીરે; મોહન તારા. ૫

૩૦

લેને લેને લાલ જીવને જોતાં નહી મળે; (૨)
જોતાં નહી મળે, જીવને ખોળ્યો નહી જડે લેને. ટેક.
કસ્તુરીને કેવડો લઇ તેલમાં ભળે;
આવો રૂડો મનખો મેલી, જુગમાં ભમે. લેને. ૧
મોતી સરખો દાણો લઇને ચકીમાં દળે (૨)
બાવળીઆનું બીજ વાવે, આંબો નહી ફળે. લેને. ૨
સંત બોલાવે બોલતો નથી, અભીમાનમાં ફરે (૨)
મારી ધક્કે આગળ કરશે, વેઠે ભાર ભરે. લેને. ૩
માયા તને મીઠી લાગે, ગાળસે ગળે (૨)
નરભેરામના સાથમાં તો, કુળ નવી મળે. લેને. ૪

૩૧

હોલો હોલી કહે છેરે, પ્રભુ મારી વારે ચઢો;
બચ્ચાં મારાં મારેરે, તળે આવી ભીલ ખડો. ટેક.
બાણ તાણીને ઉભો પારધી, ને ઉપર આવ્યો બાજ;
દરમાંથી સરપ જો નીસરે તો, વણશે મારાં કાજ.
ગરૂડના ગામીરે, આંટી રખે રાખી રહો. હોલો. ૨
કહેતામાંજ પરવરીયાને, સરપમાં નીરવાણ;
પારધીને તો પગેરે ડસીયો, સરપમાં નીરવાણ;
ત્યાંથી બાણ વછુટયું રે. બાજ આવી હેઠે પડયો. હોલો. ૩
કઠણવેળામાં કામજઆવે, જો ભજનકરો ભય જાય;
એવા સમરથ સ્વામીને મુકીને, કોના પુજું પાય.
ગુનેહગાર તારોરે, તુળશીદાસ ખરો. હોલો. ૪

૩૨

બાનાની પત રાખ, પ્રભુ તારા બાનાની પ્રત રાખ;
બાનારે માટે જો દુખ દેશો, તો કોણજપે તારો જાપ. ૧
રોહીદાસની. તમે પાત્રી લીધીને, નવ જોઈ જાત કે ભાત
શેના માટે સનમુખ રહીને, તમે નાઇ કહેવાયાહો નાથ.૨
પ્રલ્હાદની તમે પ્રતિજ્ઞા પાળીને, સ્થંભમાં પુરયો વાસ;

તાતી કઢા તમે સીતળ કીધી, સુધનવાને કાજ. પ્ર૦ ૩
પંચાળીનાં પટકુળ પુરયાં ને, રાખી સભામાં લાજ;
સાગરમાં બુડતો રાખ્યો,રામ કહેતાં ગજરાજ પ્ર૦ ૪
ઝેર હતાં તે અમ્રત કીધાંને, આપ્યાં મીરાંને હાથ;
મહેતાને મંડળીક મારવા આવ્યો, ત્યારે કેદારો લાવ્યા
મધરાત. પ્ર૦ ૫
ભકતોનાં તમોસંકટ ભાગ્યાં, ત્યારે દ્રઢ આવ્યો વિશ્વાસ;
તુળશીના સ્વામીને કહું કરજોડી, પુરો અંતરની આશ.

૩૩

હરી ભજવાનું ચોઘડીયું રે, તને ફરી ફરી કયાં મળશેરે
ચોંપ કરીને ચેતી લેજો, ભવનાં તારણ તરશોરે. હ૦ ૧
મનુષ્યાદેહ તો મટી જશેને, પશુ પંખી અવતરશોરે;
વરણાગીમાં વાટજ ઉઠશે, કોઈ ખાણે રડવશોરે. હ૦ ૨
દુઃખ લાગે તો વહેલું લાગો, ઊંધેઊંધું ચાલ્યું રે;
માને ઉદર શું બોલ્યો તો, શું બોલ્યો શું પાળ્યું રે. હ૦
જોબન જાશે ને જરા આવશે, નેન નાશીકા ગળશેરે; ૩
સગાં સ્નેહી સુખનાં બેલી, અંતે અળગાં રહેશેરે. હ૦ ૪
હરી નામ તો હારી બેઠા, વિષયોમાં વીંટયોરે;

ઘોળે દહાડે બજારે આંધી, મોઢામાં લુગાયોરે. ૯૦ ૫
આ અવસર તો રૂડો કહ્યાંરે, પાપ ન કરો પ્રાણીરે;
કલ્યાણ કહે તે કહ્યું ન માને, પત્થર ઉપર પાણીરે. ૯૦ ૬

૩૪

ગઉ ચારી ઘેર આવે, વહાલો મારો ગઉ ચારી ઘેર આવે;
હાથ લકડીયાંને ખભે કામળીયા, મીઠી મોરલી બજાવે.
ગુંજા ફુલના હાર મનોહર, મોર મુગટ શીર સોહીયે;
સ્વામીતણી સુંદરતા જોઇ જોઇ, વ્રજજનનાં મન મોહીયે.
કુમકુમકરા છાંટા દેવરાવું, મોતીડે ચોક પુરાવું;
નરસઇયાના સ્વામી મંદીર પધારો, શેરીયે તે ફુલડાંવેરાવું.

૩૫

ચાલો જઈયે દરશન કરવા, ડાકોરમાં ઠાકોર બીરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દર્શનથી દુઃખ ભાગે છે. ટેક.
પહેલું દુઃખ બ્રહ્માનું ભાગ્યું, શંખાસુરને મારીને;
શંખ નારાયણ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર ત્રાળીને.
કચ્છવ રૂપે સાગર મથિયો, ચોદ રત્ન બહાર કાઢીને;
અમ્રત તો અમરોને પાયું, વિષ પાયું વિષધારીને,

વરાહરૂપે પૃથ્વિ લાવ્યા, આદ્ય નિરંજન આજે છે;
દીનોનાથ દયાળ દામોદર દર્શનથી દુઃખ ભાગે છે, ૧
પ્રલ્હાદની પ્રતિજ્ઞા પાળવા, નરહર નઃસિંહ રૂપ ધર્યું;
હિરણ્યકશ્યપુ નખે વધેરયો, વિધિનું વાકય સફળ કર્યું.
વામનરૂપે બળિને ચાંપ્યો, ઇંદ્રરાયનું કાર્ય કર્યું;
છબીલોજી છડીદારથઈઉભા, બળિરાજાનુ ભાગ્ય ભળ્યું
ફરશી ગ્રહી નક્ષત્રી કીધી, જઇને કોકણ બિરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દર્શનથી દુઃખ ભાગે છે. ૨
અનેક દુઃખ દેવતાનાં ભાગ્યાં, રાજા રાવણ મારીને;
વિભીષણને લંકા આપી, પથરા પાળજ તારીને,
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌ ચારીને;
મોરલીમાં મહા મોહ પમાડયા, ત્રણ લોક નરનારીને;
બુદ્ધરૂપે જગન્નાથજી, ઝગમગ જોત બીરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે. ૩
અકળ કળા નવખંડમાં વ્યાપી, ઘટઘટમાં તમે રમીરહ્યા;
ડાકોરમાં ઠાકોર બીરાજ્યા, બોડાણાપર કરી દયા;
ગંગાબઈના ગુણ વધાર્યા, સવા વાલથી ઓછા થયા;
ભક્તિ જાણી સારંગપાણી, ગુગળી પાછા ઘેર ગયા;
માખણિયો આરો છે સારો, લીંબડો મીઠો લાગે છે;

દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે, ૪
ઊંચું દેવળ ઊંચું શિખર, ઉપર ધજા ફરફરે;
જે દરવાજે નોબત વાગે, રત્નાગર ત્યાં ગડગડે;
ગોમતી તીરે સંગત તીરે, સંગ આવી ત્યાં પડાવ પડે;
આડેદહાડે શુકરવારે વાલમનો વરઘોડો ચડે;
રણછોડ રસિયો સૌમાં વસિયો સૌને માથે ગાજે છે;
દીનોનાથ દયાળ દામોદર દરશનથી દુઃખ ભાગે છે. ૫
ઉત્તર દક્ષીણ પરવ પશ્ચિના, લોક દર્શને આવે છે;
મોટા મોટા સંઘવી થઈને સંઘ ડાકોરમાં લાવે છે;
નયણે નિરખું દેહે હરખું, રૂપ ઉપર જાઉ બલીહારી;
શંખ ચક્ર ને પદ્મ બિરાજે, ગદા ધરી છે ગીરધારી;
સાકર માખણ તુળશીની માળા, રાયરણછોડનેચડાવે છે.
ઇચ્છારામનાસ્વામી અંતરજામી, ભક્તને લાડલડાવેછે. ૬

૩૬

માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પુરૂષોતમ આનંદભેર;
હરખી નિરખીને ગોપીજન જાયું વારણે;
અતિ આનંદ શ્રીનંદજીને ઘેર. માતા૦ ૧

હરીના મુખડા ઉપર વારૂ કોટીક ચંદ્રમા,
પંકજ લોચન સુંદર વીશાળ કપોળ;
દીપક સરખી તો શોભે છે નીરમળ નાશીકા,
કોમળ અધર અરૂણ છે રૂડા રાતા ચોળ માતા. ૨
મેઘ શ્યામ કાંતિ ભ્રકુટી છે વાંકડી,
ખીટળીયાળા બાલ ઉપર ઝુમે કેશ;
હસતાં દંતુડી દીસે બેહુ હીરાકણી,
જોતાં લાજે કોટીક મદન મોહન વેશ. માતા. ૩
સીંહ નખ જડેલું સુવર્ણ શોભે સાંગલુ,
નાજુક આભ્રણ સગળાં કંચન મોતીહાર;
ચરણ અંગુઠો ધાવે હરજી બે હાથે ગ્રહી.
કોઈ બોલાવે તો કરે કીલકીલાકાર. માતા. ૪
લાલ લલાટે કીધો કુમકુમ કેરો ચાંદલો,
શોભે જડીત્રું જાણે મરકત મણીની પાળ;
જનની જુગતે આંજે અણીયાળી બેઉ આંખડી,
સુંદર કાજળ કેરૂ ટપકું કીધુ ગાલ. માતા. ૫
સરવે સોનાનું જડીત્ર મણીમય પારણું,
ઝુલાવે રૂમઝુમ વાજે ઘુઘરીનો ધમકાર;
માતા વિધવિધ વચને હરીગુણ ગાયે હાલરાં,

ખેંચે કુમતીઆળી રેશમ દોરી સાર. માતા. ૬
હંસ કારંડને કોકીલ પોપટ પારણે.
બપૈયા ચકોરને કાંઇ સારસ મેના મોર;
રમકડાં મુક્યાં રમવાને મોહનલાલને,
ધમધમ ઘુઘરા વજાડે નંદકીશોર. માતા. ૭
મારા કહાનાની સમાણી કન્યા લાવશું,
મારા લાલને પરણાવીશ મોટે ઘેર;
મારો જાયો વરરાજા થઈ ઘોડે બેસશે,
મારો કહાનો કરશે સદાય લીલાલહેર. માતા. ૮
મારો લાડકવાયો સખામાં રમવા જશે,
સારી સુખડી હું આપીશ હરીને હાથ;
જમવા વેળા રૂમઝુમ કરતો ઘેર આવશે,
હું તો ધાઈને તેને ભેટીશ રૂદયા સાથ. માતા. ૯
જેનો શેષ શંકર સરખા પાર પામે નહી,
નેતી નેતી કહે છે નીગમ વારોવાર;
તેને નંદરાણી હુલગવી ગાયે હાલરાં,
નથી નથી એના ભાગ્યતણો કંઈ પાર. માતા. ૧૦
વૃજવાસી સઉ સરવેથી સુભાગી ઘણાં,
તેથી નંદ જસોદા કેરૂં ભાગ્ય વિશેષ;

તે સર્વેથી ગોપીજનનું ભાગ્ય અતી ઘણું,
જેની કરે પરીક્ષા બ્રહ્મા શીવ ને શેષ. માતા. ૧૧
ધન્ય ધન્ય વૃજવાશી ગોપીજન નંદ જસોમતી,
ધન્ય ધન્ય વંદ્રાવન જ્યાં હરીકેરો છે વાસ;
સદા જુગલકીશોરે ત્યાં લીલા કરી,
સદા બલીહારી જાય છે દયારામ દાસ માતા. ૧૨

૩૭

ચીત તું શીદ ચીંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે. ટેક
સ્થાવર જંગમ જડ ચૈતનમાં માયાનું બળ ઠરે;
સ્મરણ કરે શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મમરણ ભયહરે કૃષ્ણ. ૧
નવમાસ પ્રાણી શ્રીકૃષ્ણચંદ્રનું ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ ક ત્યારે, લખચોરાશી ફરે. કૃષ્ણ. ૨
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુબો હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણ. ૩
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્રી વજાડે જંત્ર, તેવો સ્વર નીસરે. કૃષ્ણ. ૪
થનાર વસ્તુ થયા કરે જયમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુએણીપેરે જાશે, જયમ ગજકોઠુગળે. કૃષ્ણ. ૫

જેને જેટલું છે જયમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહી કોઇથી, શીદ કુટાઇ મરે. કૃષ્ણ. ૬
તારૂં ધાર્યું થાતું હોય તો સુખ સંચે દુઃખ હરે;
આપણનું અજ્ઞાનપણું એ, મુળ વીચારે ખરે. કૃષ્ણ. ૭
થવાનુ અણચી ત્યું થાશે, ઉપનીષદ ઉચરે;
રાખ્ય ભરોસો રાધાવરનો, દયા શીદને ટરે. કૃષ્ણ. ૮

૩૮

પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય, તારા દીલનું કપટ નજાય પ્ર.
પ્રભુ કીરતન પ્રભુનામ સ્મરણમાં, અતીશે આળસ તારે;
ડાચાકુટ લવ પરની દામાં, આખો દીવસન હારે. પ્રભુ. ૧
પ્રભુનું પુજન કરતી વેળા, કાયા તારી કંપે;
ગંજીફો સોગટાં કુટતાં, આઠ પહોર નવ જંપે. પ્રભુ ૨
પ્રભુનુ ચંદન ઘસતાં તારૂં, શ્રમથા શરીર બગડે;
કુંડી કુદકું લઇ મરી મશાલો, ભાવે ભાંગજ રગડે. પ્રભુ ૩
એકાદશી આચ્છવનું જાગ્રણ, અતી અઘરૂ તને લાગે;
ભાંડ ભવાયા જોવા સારૂ, સારી રાતજ જાગે. પ્રભુ. ૪
હરીના ભકતને લુખું સુકું, વેહજ વળગી જાણે;
સગાંસબંધિ પ્રાહેણા આવે, તેને મીષ્ટાનપીરસેપરાણે. પ્ર. ૫

બે પૈસાની ગુરૂસેવા બતાવે, ત્યાં ગણુગણતુ બોલે;
ઘરની સ્ત્રીજ્યારે માંગેધરેણું ત્યાં,હશીમગનથઇડોલે. પ્ર. ૬
ખોટાં મોતી કાચ કીડીયાં. ભગવત ભુષણ ઘાલે;
સોનું રૂપુ મણી મુકતાવિણ સ્ત્રી સુતને નવ આલે. પ્ર. ૭
જગ દેખતાં જપવા બેસે, બાકી નાહ્ય ન ખાવા;
ગળાં કાપે ત્યાં થાયગળ ગળો, એ વૈષ્ણવના વહાલા. પ્ર. ૮
આ કરવું આ ના કરવું એમ અન્યને શીક્ષા દે છે;
તે પ્રમાણે તું નથી કરતો, અનુચીત કર્મ કરે છે. પ્રભુ૯
અંતરના છળ અન્ય ન લહે, પણ જાણે અંતરજામી;
એતો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી પ્રભુ. ૧૦

૩૯

લાંબી સોડે સુતોરે, સુખની તે સજ્યા કરી;
કદીએ નવ બોલ્યોરે મુખથી તું હરી હરી, ટેક૦
આછેરે તારૂં આછેરે મારૂ તેમાં બધાણું તારૂ ચીત;
અલબેલીનો સંગ ન મુકયો, તે વિના આંધળો ભીત;
એક ઘડી તું તોરે, થીર નવ બેસે ઠરી લાંબી સોડે૦ ૧
શીર ઉપર તો કાળ ભમે છે, જેમ તેતરપર બાજ,
કહીએ ખરા પણ કહ્યું ન માને કરે મુમતથી કાજ;

જેજેમતેતેમજરે.મુકીને તારે જાવું મરી, લાંબી સોડે ૨
ઉંચીઉંચી મેડીને બાગબગીચા, નવીનવીજાતના રંગ;
તે ઘેર બેઠા કાગ કકળશે, કોય ન આવે તારી સંગ;
તુળશીતોકહેછેરે, લીધીલખચોરાશી ફરી. લાંબી સોડે. ૩

૪૦

ગોવીંદગુણગાઈલ્યોમનઘેલા,તમે થાઓને વહેલાવહેલા.
હરીગુણ ગાઓને પ્રથમ પહેલારે, ગોવીંદગુણ૦ ૧
કાયા પાણીનો પરપોટો, અંતે એ ભરૂંસો ખોટો;
જુગમાં હરીજશ મોટોરે. ગોવીંદગુણ૦ ૨
મન તું મારૂ મારૂં કરતો, સગા સંબંધી સાથે લડતો;
તું તો હીડે છે વન રડવડતોરે. ગોવીંદગુણ૦ ૩
જીવ તારી માત પીતાને ભ્રાત, કોઇ નહી આવેતારીસાથ;
તારે જાવું એકલડાં વાટરે. ગોવીંદગુણ૦ ૪
જીવ તારે અંતર ઘણીછે આશ,વેશધણાને થોડી રાત;
ક્ષણમાં થઈ જશે પરભાતરે. ગોવીંદગુણ૦ ૫
એવી વૈષ્ણવ જનની રીત કરી લે શામળીયાશું પ્રીત,
ભકતભોવન કહે હરિ ભજીને જીતરે. ગોવીંદગુણ૦ ૬

૪૧

માતા જસોદા બોલાવે જમવા લાલને,
ચાલો લાડકવાયા લાગું તમને પાય;
તેમ તેમ રીસાઈને રંગ રસીયોજી આવે નહી,
પાછળ દોડે તેમ તેમ નટવર નાશી જાય. માતા. ૧
કાળા કેમ સંતાપે મુજને ઘરમાં કામ છે,
વાટ જુએ છે કાના બેસી રહ્યા બળવીર;
તમને શીખામણ દેઉ છું તે કેમ નથી લાગતી;
શા માટે શામળિયા ભરો નેત્રમાં નીર. માતા. ૨
આવા ઢંગ ધુતારા જે કોઈ તુજમાં જાણશે,
ત્યારે પરણ્યાની શી થાશે હરજી પેર;
કોઇ કન્યા નહિ આપે કાના કાના કહું છું કયારની,
રાખો ડહાપણ ચાલો રાડ તજીને ઘેર. માતા. ૩
હવે નહિ મારૂં મારાં સમ મુજને છે બાપના,
હું તો હારી તુજથી તું જીત્યો જગદીશ;
શું કરૂં લાડકવાયો એકનો એક છે નંદને.
શું કરૂં સાંખી રહું છું બાકી ચઢે છે રીસ. માતા. ૪
જેમ તેમ સમજાવી લૈ આવ્યાં સુંદરશ્યામને,
કટિયે બેસારીને ચુંબન કીધું ગાલ;

મુખડું નીરખી હરખી રંગમાં રીઝ્યાં ઘણું,
લાવી સુંદર આસન કરી કનકની થાળ. માતા. ૫
માંહિ પકવાન્ન પીરસ્યાં છે ભલી ભલી ભાતનાં,
માંહે ખાજાં જલેબી [illegible] ચુરમા ખાંડ,
પેંડા પુરી કચોરી [illegible] પાતળી,
હરખ્યો [illegible] રામ [illegible]મુખથી કહેતાંમાંડ. માતા ૬
ઘેબર [illegible] આણી આણીને ઉજળી,
બીજાં [illegible] પણ દીધા પાક;
અતિ આનંદે [illegible] માતા લાડને.
[illegible] લાવી તરત [illegible] શાક. માતા. ૭
મેસુર [illegible] જસોમતી, ત્યાઃ
શક્કર[illegible]
મા[illegible] નથી બોલતા,
મારા રામ [illegible] કહું. માતા. ૮
મારા [illegible] કોઈ નથી,
મારાં [illegible] થાઓ;
મારાં [illegible] વડે,
[illegible] જમો. માતા. ૯
પ્રેમે આરોગે ઉદયા તે હરિ બળદેવજી,

માતાં જસોદાને આનંદ અંગ ન માય;
આપે રમકડાં રઢિઆળાં રીઝી રંગનાં,
ઉભો દાસ હરિભટ ઢોળે પ્રભુને વાય. માતા. ૧૦

૪૬

હઇયાના ફુટયા હરી સંગે હેત ન કીધું,
લખ ચોરાશી ફેરૂ લગડુ માથે માગી લીધું રે. હે. ૧
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયું,
ચાર દિવસના જીવતર સારૂ, મનં માયામાં મોહ્યું રે. હે. ૨
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકીયો ટાળી,
માતાપિતા જુવતીસુતસંગે વિસાર્યા વનમાળી રે. હે. ૩
આળસને અજ્ઞાન અતિશે, કામ બગડયું તારૂં.
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારૂ રે. હે. ૪

૪૭

આળસ તજને અભાગીઆ ગોવીંદ ગુણ ગાતાં;
રામે આપ્યા છે રોટલા, રૂડા લાગે છે ખાતાં. આળસ. ૧
સારૂ સારૂ કહી શાકને, ભલા ભભડકા ભરિયા;
હઠીલાઇ ડેડા મહેઉતને, હરી કેમ વીસારીયા. આળસ. ૨

અન્ન વસ્ત્રની આશથી,ધાયો ફરે છે અંત્ય;
લખ્ખરે ચોરાશીમાં ભટકવું તેનીછે કાંઇચિંત્યા, આળસ. ૩
કૃષ્ણ ભજન વિના કુતરા, થઈ લખલખ ફરશો;
કકડો કોઇ નાંખે નકી, માર ખાઇને મરશો. આળસ. ૪
મોઠો દેહ મંજારનો, કેઇ પેરેરે ધરશો;
છછેડ કહિસઉ હાંકશે,મિયાંઉમીયાંઉકરી મરશો. આ. ૫
છુટશો ઘેર ગોલા તણે, ગરધવ ગુણ નાંખી;
જેજેમ તે તેમ તાણશે, ધણીની બીક રાખી. આળસ. ૬
આજ સેવા કર સંતની, હર્ષ હૈડામાં આણી.
નહી તો પાડા થઇ પંથમાં,ભરશોકેમપાણી. આળસ. ૭
માટે નાચી હરીને રીઝવો, કર્મ કુડારે છુટો;
ઘોડારે થઈને ઘાસમાં પગ શાનેરે કુટો. આળસ. ૮
કીર્તન કરો શ્રીકૃષ્ણનું, મુકી બીજીરે વાણી;
બકબક થઇને બોકડા, ખાસો ખરસાણી. આળસ. ૯
ગરજીને ગાઓ ગોવિંદને, ઘણા કાઢીને ઘાંટા;
તો ઉંટ થઇ નહી અવતરો, ખાવાને કાંટા. આળસ. ૧૦
માનીતી માનવ દેહ વિશે, હરિ મારગે ચાલો;
હસ્તિથઇનેમસ્તીઓ, માથેનહીધુળઘાલો. આળસ ૧૧
કૃષ્ણ વિસાર્યા તે કોડશું, બહુ અવતાર ધરશો,

વાંદર થઇ વરણાગીયા, કાળેમુખેરે ફરશો. આળસ ૧૨
હરિ ગુણ ગાતાં તુજને, ટાઢ વાય શરીરે;
બગલા થઈ કેમબેસસો, તમે જળની તીરે. આળસ ૧૩
ગુણલા ગાઓ ગોવિંદના, શું લાગો છો લોભે;
ધુડ થઇને ઘુઘરશો, તમે ઘરને મોભે. આળસ. ૧૪
કૃષ્ણ કથારસ અનુભવો, કાને છો તમે શરૂવા;
કોળ નોળ વણીયરતણા, દેહ છુટાને વરૂવા આળસ. ૧૫
પામી ઉત્તમ દેહને, હરિ ચિત્તથી ન મુકો;
નિત્યે ઘર ઘર માગશો, તમો લુખોને સુકો આળસ. ૧૬
રીંછ રોઝને વાઘની, છે નરતીરે કાયા;
તે છુટવા છબીલો ભજો, તમે મુકીનેમાયા. આળસ. ૧૭
ચેતિ શકો તો ચેતજો, શું કહીયેરે ઝાઝું;
હરિ વિનાજીવનું દુખડું, કહેતા હું તો લાજું. આળસ ૧૮
માનવ દેહ મોંઘો જડયો, કાંઇ સાધન સજીયે;
રામકૃષ્ણ સરવે તજી, ભગવાનને ભજીએ. આળસ. ૧૯

૪૪

દીવેલ તો ખુટયુરે કુશકા ખાંડતારે,
પ્રાણીયા તેં કીધું એવુંરે કામ;

આદર કરતાંરે આયુષ્ય વહી ગયું રે,
સુખમાં તો સમર્યા નહી શ્રીરામ. દીવેલ તો. ૧
મનુષ્ય જનમરે મહા મહિજદયોરે,
ભજવાને સાથ શ્રી સારંગપાણ;
વંકારતને વડોરીરે, કામ કથીરનીરે;
કહાવે વળી સદામાં ચતુરસુજાણ. દીવેલ તો. ૨
જ્યાં લગી વહેંતોરે ગાતર ગાંઠડીરે,
ત્યાં લગી સહુકો કરતું હેત;
દોહેલી વેળાનોરે સંગી એક રામછેરે,
ચીતાડામાં ચેતી શકાય તો ચેત દીવેલ તો. ૩
ઉચીને કોટરે જાઇ શું દોડનોરે,
આગળ તો આવે છે મહા અર્ણ;
રામકૃષ્ણ પ્રભુરે સાચા સેવજોરે,
તે પ્રભુ રાખશે તુજને શર્ણ દીવેલ તો. ૪

૪૫

સામાન સંભાળરે સંગી તારા ચાલીયારે,
જે વળી આવતા તારે સાથ;
ઇંદ્રિયો સઘળીરે શીથળ વિશળ થઈરે,
લાકડી તોઝાલી છે વળી હાથ. સામાન. ૧

ઉદરને કાજેરે પરને આંગણેરે.
ઉભો વળી સાંઝ ને પરભાત;
ધંધાને કરતાંરે ધોળાં આવીયાંરે,
નવ લહી કાળ કેરી જે ઘાત. સામાન. ૨
આ ભવમાં આવીરે જાલણ શું કર્યુંરે,
ભારે મારી જનેતા નવ માસ;
રામ નામ લેતાંરે રસના ખારસીરે,
કીધી તેં તો વીપીગો કેરી આશ સામાન ૩
બુદ્ધિ બળ સાથેરે બંધનમાં પડ્યોરે,
જઇ ભીડી બાજળીયાશું બાથ;
રામ કૃષ્ણ પ્રભુરે સાચા સેવજોરે,
વાલો મારો નર્ક નિવારણ નાથ. સામાન. ૪

૪૬

હરિ ભજનવિના દુઃખદરિયા સંસારનો પાર ન આવે;
જડ બુદ્ધિ જીવ સંત વિના શુદ્ધ મારગ કોણ બતાવે ટેક.
તેં અનેક વાર અવતાર ધર્યા, કે કર્મ તણા કોઠાર ભર્યા;
અધઓધ તણા અંબાર કર્યા. હરિ. ૧
ફર્યો ચાર ખાણ લખચોરાશી, થયો જળચર

માયા બંધનથી ન થકયો નાશી. હરિ. ૨
પામ્યો મનુષ્ય દેહમાં નહિરે મણા, ધન ધામ પુત્ર
પરિવાર ઘણા;
હવે ગાઈલે ગુણ ગોવિંદ તણા. હરિ૦ ૩
તું ઝાડપહાડ જડરૂપ થયો, તેં શીત વરસા સુરતાપ સહ્યો;
તારા કષ્ટનો પ ર નવ જાત કહ્યો. હરિ૦ ૪
દુઃખ જન્મમરણ એવું જાણી, શું બેઠો છું આળસ આણી;
કહે પ્રીતમ ચેતી લે પ્રાણી. હરિ૦ ૫

૪૭

હરી ભજન થકી, છોટા હોય તે સઉથી મોટા થાય;
પરિતાપ ટળે, જન્મ મરણનાં સંકટ સરવે જાય. ટેક.
શુકજીનું મુળ જુઓ શોધી, સજનોધાતી પશુરોધી;
થયા આપે ઈશ્વર અક્રોધી હરી૦ ૧
જુઓ વાલ્મીકજીની વાત ખરી, જેણેકર્મશારામાંદેહ ધરી;
તેણે સો કોટી રામાયણ કરી. હરી૦ ૨
જુઓ એકલશૃંગી હરણીના, જુઓ વ્યાસમુની વાણુ
પરણીના;
જુઓ સુતપુરાણી કોણ કરણીના. હરી૦ ૩

જુઓ દાસી સુતથી શું હીણપણું, વળી પુન્ય પવિત્ર
ચરિત્ર ઘણું;
થયા નારદ મન ગોવિંદતણું. હરિ૦ ૪
જુઓ માંડવની મીંડકી માતા, એવા વશિષ્ઠ વિશ્વે
વિખ્યાતા;
જુઓ ચતુરાનન પંકજ જાતા, હરિ૦ ૫
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે ગંગા સરખું
થઇને ફળે;
જેમ પારસ પરસે લોહ ટળે. હરિ૦ ૬
એમજાતભાતસઉનજાણી, હરિભજેતે હરિસરખો પ્રાણી;
કહે પ્રીતમ ઓળખો એંધાણી. હરિ૦ ૭

૪૮

દેહ મનુષ્ય ધરી, હરિ ના જાણ્યા તેણે સરવસ ખોયું;
મારા વાલાજી, મહામણિ મુકીને પથ્થર ચિત પ્રોયું. ટેક
તેં અમરત ઢોળી વીખ પીધું, તેં હાથે કામ કુડુ કીધું
તેં મિથ્યા માતને દુખ દીધું. દેહ મનુષ્ય ધરી. ૧
તનેજાળવીયો જઠરામાંહી,તારૂં રક્ષણકર્યું પ્રભુએ ત્યાંહી
તેને વિસારયા સુપને નાંહી. દેહ. ૨

તેં જગપતિને નવજોયો, કલ્પવૃક્ષ તજી બાવળ બોયો;
તેં ઉત્તમ જન્મ એળે ખોયો. દેહ ૩
એની દેહ અશુદ્ધ અશુદ્ધ વાણી, જેણે પ્રિત પ્રભુ શું
નવ આણી;
એ અધમ જાત પામર પ્રાણી. દેહ. ૪
એને કૃતઘ્ની સરખા કહીયે, તેની સંગે તે સરખા થઇયે;
કહે પ્રીતમ એથી અળગા રહીયે. દેહ૦ ૫

૪૯

હરિ ભજનથકી,છોટાહોયતે સઉથી મોટા થાય એ રાગ.
મન માને નહી, સો ફેરા સમજાવું તોય શું થાય;
ખળકઠણકઠોર, ચંચળચોર ચપળચિત્તચોદશજાય ટેક.
મનભુતતણીપેઠે ભમતું, મન માયામાં રહે છે રમતું;
તેને હરિ ભજવાનું નથી ગમતું મન૦ ૧
જોજમકંકરનો ભયજાણે, તો મિથ્યાસુખને શિદ માણે;
ગયો અવસર ઉરમાં નવ આણે. મન૦ ૨
મળ્યો મનુષ દેહ તેમાં નહીરે મણા, ધન ધામ પુત્ર
પારવાર ઘણા.
તું તો માને ગુણ ગોવિંદ તણા. મન૦ ૩

મગદળનો માથે માર પડે, તોયે ફરીને દ્વાર અડે;
ફળ દેખી મરકટ ઝાડ ચહડે. મન૦ ૫
કહે પ્રીતમચેતીલે પ્રાણી, શું સુતો સોડય ઘણી તાણી;
તારે માથે મરણનો ભય જાણી. મન૦ ૬

૫૦

પાણીનો એલ બનાવ્યોરે, એનીતો કહીયે અકલ ઘણી;
સહુથી તો રમનારોરે, શોભા તો એના નામ તણી ટેક
ખરૂ એ પાણી ને ખોટું એ પાણી, પાણી અફીણને ખાંડ
એ પાણીથી થયાં નર નારી, એ પાણીથી બ્રહ્માંડ;
પાણીનું બન્યું મોતીરે, પાણીની બની હીરાકણી પા. ૧
પાણીની અમુલ્ય કાયા બનાવી, હાડ ચામ લોહીમાંસ;
પાણીનાંરે પશુપંખી બનાવ્યાં, પહાડ પથ્થરને ઘાસ;
પાણીના હાથી ઘોડારે, પાણીની સાલપામરીબણી. પા.
પાણીનારે પચરંગ બનાવ્યા, અઢાર ભાતનાંરે અન્ન;
સહુથી ન્યારોમારોસાંઈ બીરાજે; તેનેદેખીનેથયોછું દંગ.
સંગ કીધો તેનોરે, સત્તા તો આત્માની ઘણી પાણી૦ ૩
અક્ષરાંતિ તે અક્ષર બ્રહ્મ નિપાવ્યા, નેઅક્ષરથી નર નાર;
ઓંકારથિ ત્રણ ગુણ નિપાવ્યા, એ અઠાવીસ નિરધાર.
ઓગણત્રીશમાં મહાવીષ્ણુરે, ત્રીશમા બાપુગાયબભણી. ૪

૫૧

નામ જેણે જાણ્યું રે, તે તો વેદ ચારે ભણ્યો;
ભેદ જેણે જાણ્યોરે, તે તો ખરો તરત ભણ્યો. ટેક.

બતરીસ આભ્રણ અંગે ધરિ નારિ,
નાક વિના શો શણગાર,
કવીએ જો આપનું આપ ન જાણ્યું,
તે કેમ કરિ ઉતરે પાર;
સાર કયાંથી મળશેરે ભણ્યો ખરો પણ ન ગણ્યો. નામ.

વાંઝણી નારીને સુપનું આવ્યું છે.
પુત્ર નથીરે એની પાસ;
એમ ભજન દેખા દેખી કરે છે,
તેની કેમ પુરી થશે આશ;
કેને બાપ કહેશેરે, વેશ્યાએ જે પુત્ર જણ્યો. નામ૦ ૨

નામ ગુણને રૂપને નાશ વળી, ચોથું પદ અવીનાશ;
એ ચોથા પદનો જે ભેદ જાણે, તેનેકહીએહરિતણોદાસ.
નાશ કરિ કર્મનોરે સંશય એક પળમાં હણ્યો નામ૦ ૩

ગરીબી રાખી તમે ગુરૂજીનો સાહો કરો શબ્દનો તોલ;
આપણ થકીજો અદકો મળે તો તમો ધારણ કરજોબોલ

ગુરૂને સંગે બાપુરે,અનામી નામ પોતે બન્યો   નામ૦ ૪

૫૨

ટીટોડી કહે તજિયેરે, ભુમી ઉપર ભારજ થશે;
અઢાર અક્ષોહિણિ દળમાંરે, ઈંડાં અટવાઇ જશે. ટેક.
ભુમિ તજી જઈ વ્યોમે વસિયે, પણ ભવિષ્ય ન ભુલે;
કૃષ્ણ કર્યું તે કોઇથી ન મટે; શું ડહાપણમાં ડુલે,
હજુર હુકમથીરે , હોનારૂં તે સેજ હશે   ટીટોડી૦ ૧
રામ પ્રગટીને રાવણ રોળ્યો, ને પાણિમાં બાંધી પાળ;
સોનાની લંકાક્ષણમાં લુંટાવીને, વિભિષણકર્યોરેભુપાળ;
વીશે ભુજ વાઢયારે, છેદ્યાં મસ્તક દસે. ટીટોડી૦ ૨
પ્રલ્હાદજીની પ્રતિજ્ઞા પાળી, હિરણ્યાકસ્યપુ હણ્યો;
નરસિંહ રૂપ ધર્યુંમારે નાથે, બ્રહ્માના વરને ગણ્યો;
હરિથી સર્વે હેઠુંરે, ઉગરે નહિ ઉપાય કશે. ટીટોડી૦ ૩
ગજઘંટાનાંખીને ઇંડાં ઉગર્યાં, પક્ષીની કીધી પ્રતિપાળ;
મુકુંદ કહે મધુસુદનને મોટા, સમરો દીનદયાળ;
બાળ મને લાધરે, હરિ હરિજનમાં વસે.   ટીટોડી૦૪

૫૩

કપોતની કહેછેરે, કંથ મારૂ કહ્યું કરો;
સીંચાણાનો ભય છેરે, પારધીએ બાણ ભર્યું.   ટેક.

અહીંથી ઉડી અળગાં રહિયે, આ દેશતજી પરદેશ;
મરમ વચન પીયુ મારાંને માનો, લાજ નહિ લવલેશ;
પ્રમાદને મેલોરે, શંક વેણ રૂદયે ધરો. કપોતની. ૧
કપોત કંથ કહે કાયર, કામની, હોનાર છે તે હશે;
શતરૂનું સાલ સેજમાં ટળશે, કર્યું કર્તાનું થશે;
રૂદયે હરિ રાખોરે, મુખે કૃષ્ણ કૃષ્ણ ઉચરો. કપોતની. ૨
અહિ ડસ્યો પારાધને પાયે, બાણ છુટયું તે વાર.
સીચાણાનું છેદાયું સિર, કૃષ્ણ કરણી કીરતાર.
ભાવે ગુણ ભાખોરે, ભવજળ તરો તરો. કપોતની. ૩
તન તરૂવર પ્રાણ પંખીડા, પ્રવૃત્તિ નિવૃત્તિ બે નાર,
અહંકાર અહિનેજરા પારધિ, ક્રોધ સીચાણો નિરધાર,
મુકુંદ મનમાંથીરે, પ્રભુ નવ રાખો પરો. કપોતની. ૪

૫૪

માથે કાપી રહ્યા છે કાળરે, ઊંઘ તને કેમ આવે;
પાણી પહેલી બાંધી લેને પાળરે, ઊંઘ તને કેમ આવે;
નથી એક ઘડીનો નિરાધારરે, ઊંઘ તને કેમ આવે,
આતો સુપના જેવો સંસારરે, ઊંઘ તને કેમ આવે. ૨
અલ્યા એળે ખોયો અવતારરે, ઊંઘ તને કેમ આવે,
તારા માથે છે જમનો મારરે, ઊંઘ તને કેમ આવે. ૩

તારા મનનું ધારયું થશે ધુળરે, ઊંઘ તને કેમ આવે;
ચાર તોલાં છે મણમાં ભુલરે, ઊંઘ તને કેમ આવે ૪
ફરી આવ્યો છે ગર્ભમાં કાલરે, ઊંઘ તને કેમ આવે;
શોલ આવેલું થાય છે કથોલરે, ઊંઘ તને કેમ આવે. ૫
જોતાં જોતાં આયુષ ખુટી જાયરે, ઊંઘ તને કેમ આવે;
તારા ડહાપણમાં લાગી લાયરે, ઊંઘ તને કેમ આવે; ૬
કાંઠે આવેલું બુડશે ઝાઝરે, ઊંઘ તને કેમ આવે;
તારે કાજે કહે છે રૂષિરાજરે, ઊંઘ તને કેમ આવે. ૭

૫૫

આભડ શેટમાં બુડયું બધું અંગરે, સારૂ થાય શી રીતે.
નથી નાહાતો ગોદાવરી કે ગંગરે, સારૂ૦ ૧
દેવ મંદીરમાં નથી કરયા દીપરે, સારૂ૦
નથી ફરતો તું ટેલીયાની ટીપરે, સારૂ૦ ૨
નથી ચપટી કરાવ્યાનો ચાલરે, સારૂ૦
ખાવા તાકે ભકતના માલરે, સારૂ૦ ૩
દેવ દરશનનું નિત્ય નથી નેમરે; સારૂ૦
આખી પૃથ્વીના વ્હોરી લીલા વેમરે, સારૂ૦ ૪
નથી વાપરતો દેવની દસુંધરે, સારૂ૦
નથી વાપરતો વીપ્રની વસુંધરે, સારૂ૦ ૫

નથી દીધાં તીરથમાં દાનરે, સારૂ૦
નથી આપ્યાં અતીથી ને માનરે, સારૂ૦ ૬
નથી કરતો તું અબાનિ ખેરાતરે, સારૂ૦
રૂષિરાજની ન રાખી રૂદે વાતરે, સારૂ૦ ૭

પદ

જીવલડા આજ કે કાલે જાવું,
ઉડી જાશે રાખ થઇ તન આવું, જીવલડા. ટેક.
પડયાં જાળેપંખી તેતો પકડાશે.
કમળ ખીલ્યાં તેતો ખચીત કરમાશે;
જનમીયા તે તો જરૂર મરી જાશે જીવલડા. ૧
ગયા જેને ગાદીપતિ ખાઈ ગોથાં,
પડયાં મુઠ્ઠી ચાલ્યાં પંડિત પોથાં;
થયાં પછે થોડે થોડે સડી થોથાં, જીવલડા. ૨
ખમા ખમા કહેવાતાં પડતાં આખડતાં,
ચતુરંગી પુઠે દળ ચઢતાં;
જુઓ એનાં નામ હવે નથી જડતાં. જીવલડા. ૩
ગુણીજન જેના આગળ નીત ગાતા,
વળી એતો દેશમાં વખણાતા;
તે તો ગયા કાળના પુરે તણાતા. જીવલડા. ૪

નવા નવા પોશાક પહેરી નિકળતા,
મોહોટા મોહોટા મહિપતિને જઇ મળતા;
ભહુ એવા મળ્યા મશાણુમાં બળતા. જીવલડા. ૫
ફુલાં કાને લટકાવી ફાંકડા ફરતા,
ધમધમ કરતાં ધરતી ઉપર પગ ધરતા;
દીઠા એતો નજરે ઠાઠડીઓમાં ઠરતા. જીવલડા. ૬
જેને ઘેર ગરબડ ત્રંબાળુ ગાજે,
વળી વાજાં છત્રીસ વેગળાં વાજે,
રાજા એવા જલતા જોયા રૂષીરાજે. જીવલડા. ૭

૫૭

મનડા માન્ય સાચું છે મરવું.
ખીલ્યાં પાંદડાં એને નહી ઘટે ખરવું. રે મનડા. ટેક.
પડતા ચહેમાં કંઇક કો વરસ પચીસે,
વળી કેટલાક તો વહી ગયા વીસે,
ત્રીયા મેલી ટળવળતી કોઈ વચ્ચે ત્રીસે. રે મનડા. ૧
ખુટે કાળે કંઈક અગાશીથી ખશીયા,
દેશા ખપી પરદેશમાં કઈક રસીયા,
હિઠા કંઇક દેહોત વીષધરે ડસિયા રે મનડા. ૨
બાળવયમાં સોધી લીધાં કંઈક બળીયે,

ફરયાં જાણે વાંદર ચોળાની ફળિએ;
કાઢી નાખ્યા કંઈકના વંશ હોગળીએ. રે મનડા, ૩
ભળી ગયા ભોગી વિશે કંઈક ભોગી,
ઉડી ગયા કંઈક નારી આગે ઉઘેગી;
જતા રહ્યા જાણે દિગંબર જોગી, રે મનડા. ૪
ચીચું કરી કાંધ ન કોઈને નમતા,
મહા અભિમાન અને અતિ મમતા;
ભાળ્યા એના સમશાને કાગડા ભમતા. રે મનડા. ૫
લખેશરી કરોડપતિ કંઇક લોકો,
હતો જેના હાથમાં હેમનો હોકો;
પડી ગઇ એહવાની ઓચતી પોકો. રે મનડા. ૬
કદી નોય સુપનાની દોલત સાચી,
કાયા માયા એજ રીતે જાણો કાચી;
રખે રૂપીરાજ કહે જુઓ રાચી રે મનડા. ૭

રણછોડજીનો શણગાર.

રણછોડરાયે સારો ધર્યો શણગાર,
તમને નીરખું વારમવાર, રણછોડ

તમારી શોભા અપરમપાર, રણછોડ.
તમ દર્શન અમો મંદીરમાં પેઠા,
નાહી ધોઇ પ્રભુ બાજોઠે બેઠા,
શણગાર લઇ સઉ સેવક પેઠ;
પ્રથમ પહેલી ધોતી ધરાવી,
સારી સારી સુગંધી લગાવી;
ચંપો ચંબેલી, જુઈ, કેતડો ને ગુલાબછડી,
તે મેક અપરમપાર. રણછોડરાયે.
જરકસીનો જામો પહેર્યો છે,
માથા ઉપર પાઘ ધર્યો છે;
કસી કંદોરો ને કાતરો ઘાલ્યો,
દામણીએ આડો આંકજ વાળ્યો;
હીરા માણેક મોતી ને મુક્તાફળ,
તે શોભે અપરમપાર. રણછોડરાયે.
મસ્તક ઉપર મુગટ ધર્યો છે,
કંટમાં આભરણ કંઠો જડયો છે;
ચીસપટી માંહી પદ્મ પડયો છે;
કાને કુંડલને હબચીએ હીરો,
કડાં, સાંકળાં, વેઢ, વીંટીઓને બાજુબંધ;

પાયે ઝાંઝરનો ઝમકાર. રણછોડરાયે.
ફુલતુલસી, ગુંઝ કમળની માળા,
હાથમાં ગેડીને વાંસળીવાળા;
સારા શોભો તમેછો નંદલાલા.
પાનનાં બીડાં ને દર્પણ આપ્યાં;
ભાવ થકી એવે રૂપે દર્શનદે જો,
નીરખ્યાં એવા રદયમાં રેહજો.
ગુણ ગાય તમારો દાસ. રણછોડરાયે.

સુદામાને બતાવેલી અકળ લીલા.

એક વખત વિઠલવર ચાલ્યા, ભાવભક્ત ઉપર લાગ્યા;
બાળ સ્નેહિ સુદામાને, મળવા માધવજી આવ્યા. ૧
સુદામાપુરિમાં પ્રભુ પધાર્યા, નર નારીને હેત વાધ્યું;
પવિત્ર પતિ સુદામાની, હરજીને આસન આપ્યું. ૨
સુદામા કહે છે નારીને, ચડાવ્ય ચુલે તપેલી;
રીદ્ધ સીદ્ધ ને નવ નીધ તે, આ હરીએ મને આપેલી. ૩
મુઠી તાંદુલ લઇ માધવે, મને ઘણો ગ્રહસ્થ કર્યો;
દળિદર હતું દાણા ન મળતા, તે દુખનો દિવસ હરયો. ૪

રામા રસોઈ કરવા બેઠી, શાક સામગ્રી ઘણી;
રોટલીની શેર કણેક બાંધિ, તેમાંથી અદશેર વણી. ૫
ત્યારે સુદામા કહે શામને, શીદ ભુખ્યા બેશી રહીએ;
રસોઇ તૈયાર થવા આવી, નદીએ નાહાવાને જઈએ. ૬
એટલે ઉઠયા શામ સુદામા, એક એકના કર ઝાલ્યા;
સ્વચ્છ ધોએલાં વસ્ત્રજ લીધાં, વાતો કરતા બેઉચાલ્યા,
સુદામા કહે સુણો શામજી, હું બ્રાહ્મણપર હેત લાવો;
લોક વાત કરે છે મારે, અકળલીલા મુને બતાવો. ૮
એક અકળલીલા જોવાને, મોહન હું મરૂ મથી;
શામ કહે અકળલીલા, જોવામાં કાંઈ સાર નથી, ૯
સુદામા કહે મારે જોવી, એમ કરતા નદીએ આવ્યા;
અકળલીલા હરજીવનજી, દેખાડવા દીલમાવ લાવ્યા. ૧૦
શામ કહે સુણો સુદામા, મન તણો મુમત મેલો;
આપારથી ડુબકી મારે, પેલેપાર કોણ જાય પેહેલો. ૧૧
એમ કહી મુમતે ચડીયા, પડીયા નદીના નીરમાં,
ત્રણલોકનો નાથજ ત્યાંથી જઈ ઉભો સામીતીરમાં. ૧૨
અકળલીલા નથી ઓછી ન ઉતમ નટવર નાગરમાં;
હરજીએ હડસેલી મેલ્યો સુદામાને સાગરમાં. ૧૩
બે ઘડીકાએ બહાર નીકળ્યા, પસ્તાવો મનમાં કરતા;

કયાંગયું ઘરને કયાંછે ધનશામ, આંખે આંસુડા ભરતા. ૧૪
ભારે જળજોઇ ભડકી ઉઠયા, ભજવા માંડયા દીનબંધુ;
નદી મારી કયાં નાશી ગઈ, કયાંથી આવ્યો આસિંધુ. ૧૫
આજળથી નહી જાકજીવતો, કહી જુગદીશનું ધ્યાન ધર્યું;
દામોદરને દયા ઉપજી, સાગર વચ્ચે ગામ કર્યું ૧૬
તેમાં મલેચ્છ મનુષ્ય વસાવ્યાં, અવળી રીતી તે ચાલે;
બ્રાહ્મણ શુદ્રસર્વે સરખા, એક એકને કન્યા આલે. ૧૭
તેવા ગામમાં ગયા સુદામા, નગરશેઠ સામા મળ્યા;
બ્રાહ્મણ તમે ભલે પધાર્યા, કહીને સાથે લેઈ વળ્યા. ૧૮
વીપ્ર કહે સુદામાપુરી, કહો શેઠ કેટલે હશે,
શેઠ કહે સુદામાપુરી. જાતાં વીશ વરસ થશે. ૧૯
વીસ દિનથી વહાણ ગયાં છે, તે જઇને પાછાં આવશે;
પછી તમને ઘેર પહોચાડે, સાડ વર્ષે જવું ફાવશે. ૨૦
સુણી સુદામા સંતાપ કરતા, કોને ઘેર જઈને રહીશું;
પેટ પાપી ફુલવાલાગશે, કયાં જઈનેઅનાજ ખાઈશું. ૨૧
શેઠ કહે સંતાપ ન કરશો, સૌ તમારૂં કષ્ટ કાપું;
ખાવા પીવા ઓઢવા પેહેરવા, રહેવાન મંદિર આપું. ૨૨
મારે પેટ છે પવીત્ર પુત્રી, તે દઉ તમને કન્યા;
સુદામા કહે સઉશુદ્રની, થાય અતી અધરમઅન્યાય. ૨૩

ત્યારે શેઠ કહે આ ગામમાં, બ્રાહ્મણ શુદ્ર સહુ સરખા;
સઘળે એઠું અન ર.ળવાનું ભુખે કયાં મારશોવળખાં. ૨૪
એટલે સુદામા અકળાયા ગામ લોક ગરદન ઘાલે,
સો વરસે ઘેર જવાનું અન્ન ઉદક વણ કેમ ચાલે. ૨૫
અન્ન ખાઈશું ને વટલાઇશું, પરણ્યામાં ચીત્ત પેઠું છે;
નાતરહી સુદામાપુરીમાં ત્યાં જાણવા કોણ બેઠું છે. ૨૬
એવું સમજી કન્યા પરણ્યા, જુદું ઘરબાર થઇ રહ્યા;
પત્ની રાંધે પોતે જમે ભ્રષ્ટા ભેગાભ્રષ્ટ થયા. ૨૭
સુદામાએ સંસાર માંડયો નારીને પાંચ પુત્ર થયા;
પાડોશમાં એક અબળા મુઇતી તેસારૂસમશાન ગયા. ૨૮
ઘણુંક માણસ ગયું મશાણે, મડદું છોડીને જુએ;
જે નારી મુઈ તેનો નાથજી, આંખે આંસુથી રૂએ. ૨૯
કાષ્ઠ લાવી ચીતા ત્યાં ખડકી ચીંત્યામાં બહુ જીવ પેઠો
નારીનું મુરતક ખોળામાં, લેઈને પીઉ બળવા બેઠો. ૩૦
સુદામા જોઇ વિસ્મય પામ્યા, બળનારો મુરખ જેવો;
સુંદરી સાથે પુરૂષ મરે, આ અનર્થ અવળો કેવો. ૩
તે સુણીને સહુ જન બોલ્યા, સુદામા તું છે મતિયો;
ગામનું ચાલ છે નારીપુંઠે, સ્વામી હોય તે થાય સતીયો. ૩૨
સુદામા કહે ચાલજ ખોટો, તેને તમે માન્યો ખરો,

કોઇ પુરૂષ બળે નહી તેને કહો ભાઇ તમે શું કરો. ૩૩
લોક કહે ન તોડીએ ધારો. બાંધીને સાથે લઇએ;
સીધી રીતે બળે નહી તો પરાણે બાળી દઇએ. ૩૪
સુદામા કહે અરે રામજી, સર્વે મર્યા તે લોક નરશે,
મારી પત્નીનો પંડ પડે તો મારે પણ બળવું પડશે. ૩૫
એવો એવો સંતાપ કરતા ભજતા શ્રી અંતરજામી;
હરી લીલાથી સુદામાની, પત્નિ પણ મરણ પામી. ૩૬
સુદામાએ સબ દીઠું ને, પોક મેલી રડવા બેઠા;
જાણ્યું જોડે મને બાળશે, કોઠીયો વચ્ચે જઈ પેઠા. ૩૭
નગ્રતણા ત્યાં લોકો આવ્યા, મડદુ ઉપાડયું હાથે;
સુદામાને સોધી કાઢો, બળવાં સારૂ લ્યો સાથે, ૩૮
સુણી સુદામા થરથર જ્યા, ખુણે રહી આંખો ચોળે.
લોકલઠીઆ લઈ લાકડીઓ, કોઠી કબાલા ખોળે. ૩૯
ખુણામાથી ખોળી કહડયા, ખેંચીને બારણે લાવ્યા;
હાથ ઝાલી હઠવા ન દીધા, તેડીને મશાણ આવ્યા ૪૦
ચીતા ખડકી સહુ લોક બેહ્યા, બાકી નહિ રહે વિત્યામાં
પેહેલેથી સુદામા સમજી, બીર જો આ ચીત માં ૪૧
સુણી સુદામા કરે સોસના, અગનીના ભડકા થશે,
ફોલ્લાં ઉઠશે પાણી છુટશે, દુખ પામીને જીવ જાશે. ૪૨

અગ્નિ ન ખમાય ને જીવ જાય, મળ્યું બળવું નારસંગે
તે કરતાં પડુ દરિયામાં, વેદના વ્યાપે નહીં અંગે, ૪૩
એવું વિચારી બોલ્યા, બળવાને તૈયાર થઉં છું;
ઉભા રહો ભાઇ મેલો મને એક વાર નાહાવા જાઉં છું. ૪૪
એમ કહીને છેતરી ચાલ્યા; જળમાં જંપાપાત કીધો;
સ્નેહી સુદામા શામળિયે નદિમાં ખેંચી લીધો. ૪૫
સુદામાએ ડોકુ કહાડયું એટલે હસ્યા વનમાળી;
પ્રભુ કહે તમે છો પાછળ હું આગળ છું લ્યો તાળી. ૪૬
સુદામા કહે શેની તાળી, ઘણાં વરસ વહિ ગયાં;
કૃષ્ણ કહે કે હમણા આવ્યા, નારી રાંધી રહિ હશે; ૪૭
વીઠલ કહે વસ્ત્ર પહેરો, રસોઇ શીતળ થઇ જશે.; ૪૮
સુદામા કહે શું બોલોછો, રસોઇ શેની શીતળ થઇ;
પ્રભુ મશ્કરી કરવાની તે, ટેવ તમારી નહિ ગઇ, ૪૯
તે કરતાં તમારૂં બોલ્યું, સત્ય હોય તો વાત કહું;
એ વારતા કોને નવ કહેશો, કહોતો હાંસી કરે સહુ. ૫૦
મહારાજા તમ સાથે સરત, કરિ પાણીમાં હું પડીઓ;
કીનારો કેમ આવ્યો નહિ, સાગર જળમાં નીકળીઓ. ૫૧
ત્યા સોહામણું નગર નીરખ્યું, બાઇભાઇ સૌ પ્રાણી;

ઉંચ નીચને સેયુ ભોજન, અનીતી દુઃખની આણી. ૫૨
ત્યાં હું ગયો વિવાહ થયો, ક્ષુદ્ર જનના ઘરમાં પેઠો;
ખાનપાન સહુ સસરે પુરયું તેની પુત્રી વરી બેઠો. ૫૩
ચોખા રહેવા મન ધર્યું પણ, અન્ન ઉદકવણ ટળવળયો;
નીચ જાતી પરણ્યો તેનું રાંધી જમીને વટલાયો. ૫૪
વટલીને ઘર સંસાર માંડયો પાંચ પુત્ર તેનેજ થયા;
તે વાતનેબહુ દિવસ વીત્યા, તેવારના શું ઉભા રહ્યા. ૫૫
સુણીને શામળીયો બોલ્યા, ભાષણ તમારૂં ભાવ્યું;
શ્યો સીંખુ શાં સુંદરી છેયાં, શું તમને સ્વપ્નુ આવ્યું, ૫૬
જાગૃત છોને લવરી માંડી, ન બોલશો દુખશે ડાચું.
સુદામા કહે સોગન તમારા, નહિ સ્વપ્નુ એ છે સાચું; ૫૭
શામ કહે સાચું હોયે તો, સંગ તમારો પરહરિએ;
બ્રાહ્મણ જાતી ભ્રષ્ટ થયા, તેની તો સોબત કેમ કરીએ, ૫૮
વીઠલ વદે કહું વીશ્વમાં, ચાડી કરવા ચોરે ચડું;
સુદામા કહે વાત ન કરશો, પ્રભુ તમને પાયે પડું, ૫૯
તવ શામ કહે ચાલો સંચરીએ, તમારી નારી પાસે;
મહારૂં કે તમારૂં સાચું સઘળુ તે ત્યાં જણાસે. ૬૦
લવરી માંડી ભાંગ પીધેથી, કહીને કૃષ્ણે કર ઝાલ્યા;
ગાંડામાં ગણી કહાડીને, સાથે લઇ મહોલે ચાલ્યા. ૬૧

ઘરમાં સ્નેહી સાથે પેઠા અકળલીલા બહુ પાકી;
રામાની સૌ જોઈ તો, નવટાંકની રોટલી બાકી ૬૨
તેવું જોઈને ઝાંખા થયા, સુદામા પડીયા વીલા;
શામ કહે તમે સંસાર માંડયો તે સઘળી મારી લીલા ૬૩
સુદામા કહે અકળલીલા, શું વખાણું મુખ થકી;
ત્રીકમજી તમારી લીલા, સપને પણ જોવી નથી. ૬૪
સુદામાજી બન્યા, ભક્ત જનને મન ભ વે;
વ્યાસ વલ્લભ વાણી વદેછે, કૃષ્ણ કાવ્ય . મ આવે. ૬૫

ઝુલણી.

ગાયો ચારીને ગોવિંદ ઘેર આવ્યા ને ારણા લેઉ
વારી વારી
ઘરમાં પેસતાં કાન ઉઘાડાદીઠા, ઝુલણી કયારે વિસારી
ઓ નંદના નાનડીઆરે, ખમા મારા મનના મોહનજીરે;
ખમા મારા તનના ત્રીકમજીરે, ખમા મારા પ્રેમના
પાતળીયારે
ખમા રાય રણછોડ રંગીલારે, નંદલાલ ઝુલણી કયાંરે
વિસારી ૧
રૂવે રૂવેને કાન રૂદન કરે ને લાવી બેસારૂ સામે ઓટે;
એરે ઝુલણીને કારણેરે, કાન મંદિરીયામાં લોટે, ઓ
નંદના નહાનડીયા ઓ નંદના. ૨

સાત સોનાની સોએ મંગાવું, ને રૂપલા કેરા ધાગા;
ખાંતીલો દરજી શીવવાને બેઠો, કહાન કુંવરના વાધા.
ઓ નંદના નાહનડીયારે. ૩
એરે ઝુલણીમાં કાંઇએ નથી પણ જડીઆંછેમાણેકમોતી;
એરે ઝુલણીને કારણેરે ગોકુળ મથુરામાં જોતી;
ઓ નંદના નાહનડીયારે. ૪
જરકશીનો જામો શીવડાવું, ને ઉપરશીવડાવું કાનટોપી.
છાનો રહેને મારા કુંવર કનૈયા, કાલ પરણાવું ગોપી;
ઓ નંદના નહાનડીયા રે. ૫
દ્વારકાથી પ્રભુ ડાકોર આવ્યા; ને ડાકોર કીધું છે કાશી;
મધરાતે મથુરાથી નાઠા, મારી છે પુતના માસી.
ઓ નંદના નહાનડીયારે. ૬
રૂપીઆ તે ગજનો મશરૂ મંગાવું ને બખીયા દેવરાવું
રામ રાતા;
ગાય શીખેને સાંભળેરે ગુણ ગાય જસોદા માતા
ઓ નંદના નહાનડીયારે. ૭
ખમા મારામનનામોહનજીરે, ખમામારાતનનાત્રીકમજીરે
ખમામારાપ્રેમનાપાતળીયારે ખમામારાયરણછોડરંગીલારે
ઓ નંદલાલ ઝુલણી કયાંરે વીસારી. ૮

ધ્રુવાખ્યાન.

કવિ

શ્રી ગુરૂ ગોવિંદને હું નમું, પ્રેમશું લાગું પાય;
આરાધું અવિનાશ એવા, અનાદિ નિરંજન રાય.
આદી નિરંજન અકળ સ્વરૂપ, રામે લીધાં રમવા રૂપ;
સૃષ્ટિ નીપાવા થઇ મનસાય, સુભટ થઇ પોઢયા જળમાં.
જે જે વૈકુંઠરાય. ૧

હરી જળમાં પોઢયા સહી શેષ, નાગ ઉપર તે જાય;
નારાયણની નાભી કમળથી, બ્રહ્મા પ્રગટજ થાય;
બ્રહ્માના સ્વયંભુ તન, તેના પાંચિપુત્ર પાવન;
ત્રણ કન્યા બે પુત્ર વીખ્યાત, પ્રિયવરત ને ઉત્તાનપાદ
જે જે વૈકુંઠરાય. ૨

ઉતાનપાદ નર નીપન્યો, રાજા રૂપ નિધાન;
રાજાને બે સુંદરી, તેનાં સુરતી સુમતી નામ;
સુરરતી ઉપર નહીરે માન, તેના ધ્રુવજી એક સંતાન;
સુમતિ ઉપરછેઘણું હેત, તેના કુંવર ઉત્તમ એક. જે. ૩
ઉત્તમ ઉછરંગે બેસાર્યો રાયે, સભામાંહી એકવાર;

પુત્ર લડાવે પ્રેમશું રાણી, હઇડે હરખ અપાર
હરખ ન માયે હૈડામાંય, ધ્રુવજી રમતા આવ્યા ત્યાંય;
ઉછંગબેસવાકીધાંમન, અપરમા કહે કઠણ વચન.જે. ૪

સુમતી.

અપરમાએમ બોલ્યા ભુંડા, એ સુખ તુજને કયાંથી:
અભાગણીના પેટતણા તું, જાને અકરમી ઇહાંથી.
ઈહાંથી જઈ વનમાં તપ માંડ, હરિ ભજીને કાયા છાંડ;
ફરી જન્મલે મારે શરીર,તો તને રાજ અપાવીશ વીર. જે. ૫
વચનો વનિતાનાં સાંભળી, ઉતર્યો મહોઢાનો રંગ;
સભા તે સઘળી દેખતાં, ધ્રુવજી થયા મન ભંગ.
મનભંગથઈ નાંખ્યો નીસવાસ, રોતા આવ્યા માની પાસ,
માયેચાંપ્યારૂદીયા સાથ, કહોકુંવરકોણેદુભાવ્યા આજ. ૬

ધ્રુવ.

આજ સભામાં માવડી, બેઠો ઊતમરાયને ખોળે,
ઉછંગ બેસવા હું ગયો, ત્યા અપરમા એમ બોલે,
અપરમા કહે અભાગણીકેરા, સુખ માગોતો વન જાઓ વેલા;
ફરીજન્મલેમારેશરીર,તો તનેરાજ અપાવીશવીર. જે. ૭

સુમતી.

વળતી માતા ઉચરે, કુંવર હઇડે મ ધરીએ દુઃખ;
પુરણ પુન્ય કીધાં હશે ત્યારે, તે ભોગવે છે સુખ.

સુખ આપણનેક્યાંથીવાલા,નીયમધર્મ કશા નથી પાળ્યા;
નથી સંતોષ્યાજોગીજતિ,તપતીરથવૃતકીધાં નથી.જે. ૮
નથી સંતોશ્યા સાધુને, નથી આપ્યાં વિપ્રને દાન;
ઓછાં કરમ જ્યાં આપણાં ત્યારે, ક્યાંથી રાયનાં માન;
માનભોગવે ઉત્તમ નિત્ય, દત્તવિના કયમ પામીએ વિત;
જો હોય ઈંદ્રાસનનો ખપ,તો કુંવર જઇ માંડોતપ જે.૯
તપ માંડ્યું બ્રહ્માજીએ ત્યારે, પામ્યા પદ્માસન;
સેવા કીધી મન ભાવતી ત્યારે, પ્રગટ્યા નારદ મુન્ય.
મુનીએ માંડ્યો મોટો જાગ, તપતીરથવૃત થયા સુભાગ;
જોકરીએશ્રીહરીપ્રસન્ન, તોઅભાગીયાંટળીએ તન. જે. ૧૦

ધ્રુવ

તને અભાગણી હું ટાળું મા, છું રે તમારો તન,
વનમાં જાઉં વેગે કરીને, સુખ સંભારૂ નહિ અન્ય.
સુખ સંભારે સાલે જેહ, વીશ્વંભરે પરઠીયો દેહ;
હરી મળેતો તાપ ઓલાય,નહીતરપ્રાણ તજુરે માય.જે.૧૨

સુમતી

માતાને આંસુ આવિયાં ને,અંતરે ઉપજી દાઝ,
રાજાએ મને પરહરી, કુંવર તું કરે છે તાજ.
તુજ વિના હું રહીશ કેમ, ટોળાં વછુટી મૃગલી જેમ,
જળ વિના જેવી માછલી, મારાપ્રાણજશે ટળવળી જે.૧૨

ધ્રુવ

ટળવળ મ.રે મા ડી તું, હવે દુઃખનો આવ્યો અંત,
બીજ રોપવીશ સુખનુ, તેને ફળ લાગશે અનંત.
અનંત કરૂણા કરશે હરી, આપણી આશ પુરશે ખરી,
એ છે અનાથનોરે નાથ, તેને ભજવા જાઉંરે માત. જે. ૧૩

સુરતી

વળી માતા એમ ઉચરે, કુંવર પાંચ વરસનો તન,
બીજુ બાળક એકે નથી, કેમ હુ વાળું મન.
કેમ મોકલું વનની વાટે, કહેતાં મારા હૈડાં ફાટે;
આંખની આગળરહોને બાળ, ઘેર બેઠા ભજીયે ગોપાળ. જે૦

વ

ઘેર ગોપાળ ન પામીએ મનમાં, મોહ ઉપજે માય,
ખાતાં પીતાં પહેરતાં માતા, કેમ દમાશે કાય.
કાયા દમતાં સરજે કાજ, તપ કરતાં મળશે મહારાજ;
વનમાંજઈવહેલોઆ.વીશ, માતાદ્યો મુજને આશીષ, જે.

સુરતી

આશિશ દે છે માવડી સુતને, હજ્યો કુશળ કલ્યાણ,
મસ્તકે રક્ષા મા વની, કંઠે કૃષ્ણ રક્ષા જાણ.
કંઠે કરજો કૃષ્ણ રક્ષણ, ઊ ની આગળ નારાયણ;
કટીકેશવપુરૂષોત્તમપાય, એવી આશશ દે છે માય. જે. ૧૧

માને આંસુ આવીયાં ત્યારે, થંભીને રાખ્યાં નીર;
મારી જીભે કેમ કહું વળી, વનમાં ફિરયો વીર.
વીર વચન કાને નવ ધરશો, તપ કરતાં આશા નવ કરશો;
તપથી તમને મળશે હરી, વીરા વીરા વેગે પધારજોફરીજે.૧૮

કવી.

ફેરા ફરિયો માતનેરે ફરીને લાગ્યો ચર્ણ;
આજ્ઞા માગીને સંચર્યો, વળિને શુકન.
શુકન મળી સુવત્સી ગાય, સુવાસણિ બેડું ભરિ જાય;
વરકન્યાપરણીને વળ્યાં, વેદભણતા વિપ્રજ મળ્યા.જે. ૧૮
મળ્યા શુકન સહુ હરખનાં, પ્રભુજી નીકળ્યા નગર બહાર;
આગળ જાતાં ધ્રુવજીને રે, મળીયા બ્રહ્મ કુમાર.
બ્રહ્મકુમાર ભગવાનનેચહાતા, હરિગુણગાતાંવીણસુવાતા;
કરજોડી કહે છે ભુપતન,ક્ષમા કરોસ્વામીનારદમુન્ય જે. ૧૯

નારદ.

નારદ કહે શીદ જાઓછો, શું તમારે કામ;
કોણ તમારાં માતપીતાને, શું છે તમારું નામ.

ધ્રુવ.

મારું નામ છે ધ્રુવ નીરધાર, મારા પીતાને બે છે નાર;
રાવ ગુ રાણીબેઠાસોરંગ, ઉત્તમને તેડયો ઉછંગ. જે. ૨૦
ઊછંગ બેસવા હું ગયો મારિ, ખાંત હૃદયાની ખોટી;

દ્રષ્ટીએ મુજને દેખીને ત્યારે, અપરમા એમ બોલી.
અપરકહેઅભાગણીહશ, જોસુખવાંછેતોવનજાઓવહેલા.
ફરિ જન્મ લેમારે પેટ, તોતનેરાજ અપાવીશનેટ.જે. ૨૨
નેટ નાર કેમ ભોગવું. એને આપ્યું ધન;
સભા સઘળી દેખતાં, મને દીધાં કઠણ વચન.
કઠણ વચન તે કેમ વિસરે, લોઢાસમ હોય તો નીસરે;
ખડગતણોતોસહિયેઘાય, પણ એવાબોલસહ્યાનવજાય. જે.

નારદ.

અરે ઘેલા અત્યારથી તું, એવડો શો ધરે કાળ;
માન કુમાન શું તાહરે તુંતો, પાંચ વરસનું બાળ.
બાળકને શા ધરવા બોલ, ખાઓ પીઓ ને કરો કલોલ;
અપરમાનાં એવાં હેત, વિચારીને વાળો ચેત. જે. ૨૩

ધ્રુવ.

ચિત્ત તે કઈ પેરે વાળીએ, બોલાવ્યો નહિ બાપ;
કશાયમાં લેખ્યો નહિ હું તો, તે ઉકળું છું તાપ.
તાપકુંવરનવઆણિયેરતી, સુખદુખનું કોઈ શરીગત નથી;
હરિયેનીરમ્યુંતેમજહોય, કર્યાંકર્મછોડાવેનહિકોય,જે. ૨૪
કો કાળે વૃદ્ધિ હાણ છે, તેનો ન ધરો હરખ ને શોક;
અણચીતવ્યું જે આવિ મળે, તેનો ધર સંતોષ.

સંતોષી કુંવર ઘેર પધારો, અપરમાના બોલ વિસારો;
જા કુંવરતારાબાપનેકહું, રાજઅપાવુંનેમાનેસહુ.જે.૨૫

ધ્રૂવ.

સભામાં શું દેખાડીયે, સહુકોમાં વળી નાક;
સભામાં જ્યારે શોભશું, મન પુરશે અભીલાખ.
રાખ લાખેણો કરશે હરિ, ત્યારે મંદીર આવીશ ફરી;
તપકરતાંજોહરિનહિમળે,તોમુજપ્રાણતજીશકુંબળી.જે.૨૬

નારદ.

બળ કીધે હરી નહિ મળે માનો મારા તન;
જન્મ થકી જોગી દેહ દમે, સ્વપ્ને નહિ દરશન.
દર્શન તમને કેમ આપશે, વન જઈને વિમાસણ થશે;
વાઘ વરૂ વનમાં બહુ હશે, તે દેખીતુજતનધ્રુજશે.જે.૨૭
જશે ચીત સંસારમાં, ત્યારે સાંભળશે રંગભોગ;
ભુખ તરસ જ્યા લાગશે, ત્યારે કુંવર મુકશો જોગ.

ધ્રુવ.

જોગી રૂષી નાહ મુકુ સ્વામ, મન ઇંદ્રિયો રાખીશ ઠામ;
મેરૂચળે પણ ચુકુંનહિ,રૂષીજી તમ પરતાપે સહિ.જે.૨૮

નારદ.

રૂષી કહે તું નીસર્યો ત્યારે, જાને મધુવન માંય
જમુનામાં નાહીને, તપ આદરજે ત્યાંય.

ત્યાંજઈ કરજે અલ્પાસન, જળપત્રને ફળ પ્રાશન;
વળીતુભજજેહરીનું નામ,સ્વરૂપસમરજેશ્રીઘનશ્યામ જે.૨૯
શ્યામને શીશ મુગટછે કાને, કુંડળ મકરાકાર;
કોટે કૌસ્તુભ કટિમેખળા, પગ નેપુરનો ઝણકાર.
પાયપદ્મશંખ ચક્રને ગદા, એવું સ્વરૂપ સમરજે સદા,
કાનમાંઅક્ષરકહુંછું જેહ, દ્વાદશઅક્ષરભણજેએહ.જે.૩૦

કવી.

એ કરતાં ખટ માસમાં તુજને મળશે વૈકુંઠનાથ,
આશીર્વાદ દેઈ દાસને, મસ્તકે મુકયો હાથ.
હાથજોડી ધ્રુવ લાગ્યો ચરણ. આજ્ઞા માગી ત્રિચર્યો અરણ, (
એહ કથા રહિ એણે ઠામ, ઋષિપધાર્યા રાયને ગામ.જે.૩૧
મુનિ આવ્યા મહારાજપે. જોતા રાયતણું સુખ મન,
માન દિધાં બ્રહ્માપુત્રને, વળી આપ્યાં આસન.
આપ્યાં આસન બેઠા ઋષિ, આશા ઉત્તમ તાતને વશી.
આચાર્યૈઋષિસુખનારાજ, ધ્રુવ વિના ચીંતાઅતિઆજ. જે૩૨

રાજા.

આજ સભામાં રૂપજી મારે; ઉત્તમ ખોળામાંય;
ધ્રુવજી હોય તો આ વધે બહુ. ઉછંગની શોભાય.
ઊછંગે બેસવા મનજી આવ્યો, તેનેતો મે નવ બોલાવ્યો;

શીનેવગંસેવિસર્યું બાળ, અપરમાએદીધીગાળ.જે. ૩૩
ઋષિ એ વચન નસર્યો, ફિરો ગયો જે વન;
વનમાં વાઘ વરૂ હશે, તેને દેખી ધ્રુજસે તન
તન ધ્રુજશે તડકે ટાઢે, મંદિરમાં માલતો લાડે;
વાયુવૃષ્ટિકેમસહેશે કુમાર, એની કાયાકેકોમળ સાર.જે ૩૪
કોમળ પટકુળ પહેરતો, કેમ ઓઢશે મૃગચર્મ તેહ;
મુસ્તક બાંધતો મોળીયું, કેમ જટા રાખશે એહ.
એહ આનંદે હરતો ફરતો, ઘોડાની અસ્વારી કરતો;
કાંટામાં કેમ સુશે બાળ, એની સજ્યા અદિ છેમાર.જે. ૩૫
સારાં અન્ન આરોગતો, તે ફળ પાત્રો કેમ ખાશે;
પાણી પીતા પળે પળે, તે જળવિણ કેમ રહેવાશે.
તેની વતી રહેવાશે કેમ, તેહ વિના હુહુ દાજું એમ;
શુદ્ધવિનાનો થયોશરીર, વિસરતો નથી તેહજવીર.જે. ૩૬
વળીવિરો અહીયાં આવતો, રમતો રંગ અપાર,
ભૂખ તરસ જ્યારે લગતી, સુખડી માગતો સાર.
સારી સુખડી સુંદર મેવા, કાલુ કાલુ બોલતો લેવા;
તેણે અમને દીધાં તાજ,પુત્ર વિના શું કરવું રાજ. જે. ૩૭
શું કરીયે વડીસાહેબી, ચિત્ત ઠરતુ નથી કોઈ ઠામ,
શું કરીયે આ રાજને, શું કરીયે ધન ને ધામ,

ધન ગયું અમારૂં આજ, પુત્ર વિના સહુ સુનો સાજ;
પુત્રવીનાહું દુર્બળ દુઃખી, મારા પ્રાણ જશેરે રૂષી જે. ૩૯

નારદ.

રૂષી કહે તમે માં રૂવો, મને મળ્યું હતું તે બાળ;
આશીરવાદ દેઇ મોકલ્યો, ભજવા શ્રી ગોપાળ.
ગોપાળ ભજશે દીવસ થોડે, કુંવર ઘેર પધારશે કોડે;
માંડોરાજ્યને છોડોદુઃખ, એવું કહીનેવળીયારૂખ. જે. ૪૦

કવી.

રૂષી ચરણે લાગીને ધરૂવ, વીચર્યો વન મોઝાર;
મધુવન પોચ્યો પ્રેમથી, કીધો ત્યાં જઇ તપ વીચાર;
ત્યાં જઇ માસ કીધા ઉપવાસ, બીજેમાસે ફળકંદપ્રાસ;
ત્રીજે માસ છઠે દીનએમ, ચોથે માસેજળનાં નેમ. જે. ૪૦
નેમ ધરીને નેહથકી ભજે, ઇશ્વર આચરણ ચરણ;
પાંચમે પ્રાણજ રૂંધીયા ધરૂવજી. ઉભા રહ્યા એકચરણ.
ચરણ ચતુરભુજ ચીતમાં ધર્યા,
દ્વાદ્દશ અક્ષર મનમાં ભણ્યા,
એમ કરતાં વીત્યા ખટમાસ,
રૂદીયામાં ઓળખ્યા અવીનાશ જે જે. ૪૧
અવીનાશીને ઓળખીયારે, એમ ઉભો રાજન;

પૃથ્વી લાગી ડોલવા ત્યારે, ડોલ્યું ઇંદ્રાસન;
ઈંદ્ર અમર સૌ એકઠા થયા; વેગે કરી વૈકુંઠ ગયા;
જઇ કેશવને લાગ્યા પાય, મધુવન [illegible] કોઇ કષ્ટે કાય.જે.૪૨

દેવતા.

કાયા કષ્ટી વંશ રાખવી એ, ઈંદ્રી મન અચેત;
અચરત એતો અતી ઘણું, એમ બોલ્યા અમર ધરીહેત.
અમર રહે અમને બીકલાગી,રખે લીયે ઇંદ્રાસન માગી;

વિષ્ણુ

વિષ્ણુ કહેસાંભળસુરપતી,રાજ્યભોગએ ઇચ્છતો નથી, ૪૩
નથીઇચ્છતો સંપતીને કે, નથી ઈચ્છાતો સુખ નેહ;
ચરણધર્યા ચીતે મારાં; ક્ષણું અળગો ન મુજથી એહ.
મુજ થકી અળગો નહિ, એણે કમી છે પુરણ કેહ;
સદા સ્મરણ રાખેછે મારૂં કહોજીએનેકેમવીસારૂં જે. ૪૪
વીસાર્યો વીસરે નહિ એને, આપીશ અવીચળ અર્થ;
નામ નહિ લે તે તમતણું, તમે કાંય બીહો છો વ્યર્થ

કવી.

ઇંદ્રતણી આસના વાસના કરી, સુરસ્થાનક મોકલ્યા ફરી;
ગરૂડે ચઢી ચાલ્યા શ્રીહરી, વનમાં આવ્યા વેગે કરી ૪૫
કર્યો નાદ જ્યારેશંખનો, ત્યારે ધ્યાનમાંથી ધ્રુવ જાગ્યા;
નેત્રભરી નીહાળીનેરે; પ્રેમ શું પાયે લાગ્યા;

પ્રેમ કરી પ્રણામ્યા નાથ, હરીએ મેલ્યો મુસ્તક હાથ,
નીર્મળવાણી હવીપ્રકાશ, સ્તુતીકરે કર જોડી દાસજે. ૪૬.

ધ્રુવ.

કામ દયાળને વીનવે તમો, સર્વ જગતના ભુપ;
અકળ તમાની ગતી છે ન્યારી, અકળ તમારૂં સ્વરૂપ.
સ્વરૂપ તમારાં જેહ, ગણતાં પાર ન પામું તેહ;
સકળીવાતે છો તમે શ્યામ, પ્રાણીમાત્ર કરેપ્રણામ.જે. ૪૭
પરણામી પરમાત્મા શ્રીહરી, સારંગપાણી હોય;
અદ્ભુત શક્તિ આપની, તારો પાર ન જાણે કોય;
પાર ન જાણે કોય લગાર, હું કેમ પામીશ તારો પાર;
એવું સુણીહરખ્યા નરહ, કુંવરકાંઇએકમાગવતું વર. ૪૮
વર કેમ માગું વીઠલા, હું તો કરીશ તમારી સેવા;
વીષય ભોગ સંસાર છે એતો, સુપનાના સુખ જેવા.
સુપના જેવી કાચી કાયા, સંસારની શી ધરવી માયા;
માયામાં ન મને મોકલો. વાહીને ન કરો વેગળો. જે. ૪૯

વિષ્ણુ.

વેગળો વીના કશું ન કરૂં, વળી તું વહેલો આવીશ;
જે ફળ દુર્લભ દેવને મળવું. તે ફળ તું પામીશ.
તેફળ તુજને આપુ આજ, સંસારમા તારીનરહેલાજ;
લોક કહે રસીને મુવો, સ્વજનોમાંથી પડયે જુજવો. ૫૦

પડયો સ્વજનથી જુજવો ત્યારે, સુરતીને દુઃખ થાય;
ઘેર જાને વીરાતું તારી, વાટે જુવે છે માય;
માનેબાપનણાંદુઃખકાપો, ઈહાંથીજઇ સૌને સુખઆપો;
મારી આજ્ઞા પાળજ આજ,
છત્રીસ હજાર વરસ ભોગવ રાજ. જે. ૫૧
રાજ્ય ભોગવી તું આવજે,તનેમોકલીશ એક વીમાન;
તેમા બેશી તું આવજે, તારૂં થશે જગતમાં જાણ.
જાણે જગતમાં થાશે રાય, વેણે વધશે તુજ મહીમાય
કવી
આપી વચનવળ્યાગોપાળ, જમુનાજીમાં નાખું બાળ જે. ૫૨
બાળકને મારગમાં જાતાં, ઉપજયો મન વીચાર;
જે ફળ દુર્લભ દેવ ગણે તે, મને મળ્યા મોરાર,
મળ્યામોરાર પણહું નહિ ફાવ્યો,હરીભજીને માયા લાવ્યો,
આગળરૂખીજી કહેતા એમ, તમનેત્રીકમમળશેકેમ. જે. ૫૩
મુજને ત્રીકમજી મળ્યા, મેંતો જાત્રા દીધા ફોક,
ફરી જઇશું સંસારમાં મને, હસશે દુરીજન લોક.
લોક કહેશે એની બુદ્ધિ થોડી. રત્નઆપીને લાવ્યો કોડી,
પણ એક જ શહુંમોટોલાવ્યો, હરીનાંદર્શનકરીને આવ્યો જે.
લોકો.
હરી દરશન કરીને આવ્યોરે, રાય તમારો તન,

જા.

હું દુખીઆને શું હસો છો રે, તમે તે સર્વે જન,
દુખીઆને શું હસવા સાચા,વને ગયા કેમ આવે પાછા,
વન ગયે થયા ખટ માસ, તે કુંવરનો શોવીશ્વા. જે. ૫૫

કવી.

ઉર ન વીશ્વાસ આવ્યો ત્યારે, આવ્યા નારદ મુન્ય,

નારદ

દરશન કરીને આવ્યોરે, રાય તમારો તન.
રાય તમારો તન ઘણું જીવો, એકુળમાં પ્રગટયોછે દીવો

કવી

વચન સુણી રીઝયા નરપતી,
વળતી વધામણી આપી અતી જે. ૫૬
વધામણીમાં આપ્યા રૂડા, રાયે એકાવળ હાર;
રથે બેસીને સંચરીયાને, સાથે સુત બે નાર.
નારીને શીરે સુવર્ણ ઝારી, ભેટ ભલી લીધી છે ભારી
રાય રથેથી ઊતર્યા, જયારે પુત્રે પરણામ્યા તેવારે. જે. ૫૭

કરૂવ

પ્રથમ પરણામ અપરમાને, તેં ભેટાડયા શ્રીપત્ય;

સુમતી

વળતી માતા એમ બોલ્યાં તું, વાણી બોલ્યો સત્ય.
વાણી બોલ્યો તે સત્ય સહી, આપણી આશા પુરણ થઈ;

સુરતી

વીરા હું જોતી હતી વાટ,તેં માળ્યો ઉચાટ. જે ૫૮

કવી

ઉચાટ મનનો ટાળ્યો કુંવર, તેડયો આનંદ ભેર;
હેતનાં આસું આવ્યાં ત્યારે દુધની ચાલી સેર.
સેર ચાલીતે કુંવરે પીધી; માતાએ ઘણી આશીશ દીધી;

સુરતી

ઘણા વર્ષ જીવોરે તન; તમે કર્યાં છે કુળ પાવન. જે. ૫૯
પાવન કરીયાં કુળ આપણાં વંશે વધાર્યાં નામ
મહીમા વધાર્યો જગતમાં; તેં ભજીને શ્રીરામ.

કવી

રામ ભક્ત તડકામાં દીઠા ઉતમે ત્યા છાંયડા દીધા;
બંનેભાઈનીપોતીરળી હેતનાં આંસુ આવ્યાં વળી જે. ૬૦
વળી રોપાવ્યા બારણા આગળ કેળના થભ;
અક્ષત અંકુર કુમકુમને જળ ભરી ચડાવ્યા થંભ,
કુંભ ઉપર અક્ષત લખીયાજ,ધ્રુવને અવીચળ હોજોરાજ,
ઢોલદદામાભેરીનાદ,ધ્રુવ પધાર્યાનીજ પ્રાસાદ. જે ૬૧
પ્રાસાદ માંહી પધાર્યા ત્યારે, હરખ્યો સઘળો સાથ;
ભાવતાં ભોજન પીરસ્યા ત્યારે, કાઢી વીવાની વાત.
વીવાહ કીધો અહલ્યા સાથે, પ્રેમે કરી પધરાવ્યા નાથે.

ઈંદ્રની કુંવરીનેરાજ કુમાર,ધરૂવજીપરણ્યાબીજીનાર.જે
નારી સાથે રંગે રમે, સુખમા કાઢે દંન;
રાજાએ વળી તેને આપ્યું, પોતાનું આસન.
આસને બેઠા ધરૂવજી જાણે, વરતાવી પોતાની આણ.
શાસ્ત્રપ્રમાણકરીનીરધાર, વરતાવેવરણાશ્રમચાર જે.૬૩
વર્ણાશ્રમના ધર્મ બધાને, સમજાવે જાણ;

ધરૂવ

આપ આપના ધર્મ પાળીયે, જે લખ્યું હોય ગીર્વાણ.
ગીર્વાણ શાસ્ત્ર ભણેરે બ્રહ્મ, આયુદ્ધ બાંધવા ક્ષત્રીધરમ;
વૈશ્યને કરવાખેતીવેપાર,શુદ્રને સેવાનો અધીકાર. જે૬૪
સેવા તો સઘળી વરણને, હરી ભજો નીત્ય;
વરણ ધરમ સૌ પાળીએ સાચું બોલીયે તે શુભ રીત.
સાચું બોલી સંતોષ વાળીએ,મોહમાયા સત્વરટાળીએ;
ન કરો કુડ કપટ અન્યાય, એટલી શીખામણદેછેરાય ૬૫

કવી

છત્રીસહજારવરસ વહી ગયાં, ત્યારે.આવ્યું વીમાનપાસ
વૈમાન બેસીને સંચર્યા.ધ્રુવજી ગયાઆકાશ.
આકાશમાં ધ્રુવ બેઠાજઇ; અવીચળ પદતો પામ્યાતહી,
જે ગાયે ધ્રુવનું આખ્યાન; તતો પામે અવીચળ સ્થાન
જે જે વૈકુંઠરાય. ૬૬

૬૧ ધ્યાન.

સમરી લેને શ્રીહરી. મુરખ તું સમરી લેને શ્રીહરી;
આવો દાવનહિઆવે ફરી, મુરખ તું સમરી લેને શ્રીહરી.
મનુષ્યા દેહ દુર્લભ તને આપી કૃષ્ણએ કરૂણા કરી;
ધન દોલતને માલ ખજાના, બેઠો કચેરી ભરી. મુરખ.
હજુ મુરખ તને લાજ ન આવી, ખાઈશ જુતીઓ ફરી;
તું જાણે મારી સાથે આવશે, અક્કલ તારી ખરી. મુ.
કળજુગમાં કારણ કીર્તનનું, સહેજે ગુણકા તરી;
મરવાનો ભય નથી રાખતો, ડગ નથી ભરતો ડરી. મુ.
ચંચળ ચપળ નેત્ર તમારાંને, શીરપર મુગટ ધરી;
દયા પ્રીતમ ભજ ગોવર્ધનધર; ભવસાગર જા તરી. મુ.

૬૨ (કૃષ્ણજીના દશ અવતાર.)

કૃષ્ણ કનૈયાને જઈ મળોરે,
હરી હઈયાના હાર મારા વ્હાલા;
પહેલે રૂપે શ્રીહરીરે,
ધર્યો મચ્છા અવતાર મારા વ્હાલા,
શંખાસુરને મારીયોરે,
આપ્યા બ્રહ્માના વેદ મારા વ્હાલા. કૃષ્ણ.
બીજને રૂપે શ્રીહરીરે.
ધર્યો કચ્છા અવતાર મારા વ્હાલા.

કચ્છ સાગર ડોળીઓરે,
ચૌદ રત્ન કાડયાં બહાર મારા વ્હાલા. કૃષ્ણ.
ત્રીજને રૂપે શ્રીહરીરે;
પૃથ્વી દાંતમાં ધાલી લાવીયારે,
ગઈતી રસાતાળ મારા વ્હલા. કૃષ્ણ.
ચોથેને રૂપે શ્રી હરીરે,
ધર્યો નરસીંહ અવતાર મારા વ્હાલા;
હીરણ્યાકશ્યપને મારીયોરે,
પ્રલ્હાદની કીધી સહાય મારા વ્હાલા. કૃષ્ણ.
પાંચમે રૂપે શ્રી હરિરે,
ધર્યો વામન અવતાર મારા વ્હાલા;
બળી પાતાળે ચાંપીઓરે.
આપ થયા છડીદાર મારા વ્હાલા. કૃષ્ણ.
છઠેને રૂપે શ્રી હરીરે,
ધર્યો ફરશુરામ અવતાર મારા વ્હાલા;
ફરશુરામે ફરશી ફેરવીરે;
કાપ્યા સહસ્રા અર્જુનના હાથ મારા વ્હાલા. કૃ.
સાતમે રૂપે શ્રી હરીરે,
ધરયો રામ અવતાર મારા વ્હાલા;

રામે તે રાવણ રોળીયોરે,
દેવોને કીધું સુખ મારા વ્હાલા. કૃષ્ણ.
આઠમેને રૂપે શ્રી હરિરે,
ધરયો કૃષ્ણ અવતાર મારા વ્હલા;
કૃષ્ણે તે કંસને મારિયોરે,
આપ્યું ઉગ્રસેનને રાજ મારા વ્હાલા; કૃષ્ણ.
નવમેને રૂપે શ્રી હરિરે,
ધરરે બુદ્ધા અવતાર મારા વ્હાલા;
દશમેને રૂપે શ્રી હરિરે,
ધરશે કલંકી અવતાર મારા વ્હાલા. કૃષ્ણ.
કાલીંગાને મારશેરે.
કમળા કેરા કંથ મારા વ્હાલા. કૃષ્ણ.

૬૩

હું તો તને વારૂંરે, આવીને તે શું કર્યુંરે,
હરી હિરો ખોયો, ને વહોર્યો સંસાર;
હૈયું તારૂં ફુટયુંરે આંખે થયો આંધળોરે,
વિસારીને મેલ્યારે દિન દયાળ હું તો.
મારા સારા મુરખરે, બુદ્ધિ તારી કયાં બળીરે;
માથે તો ભમતો ન દીઠો કાળ,
અપાટાને હાંકયારે, તેં તો બધા ગામનારે;

વિચારી ન જોયું રે સાર અસાર. હું તો.
મનુષ્ય જન્મરે મેળવ્યો તેં ધુળમાંરે,
હંસા ઉપર ઘાલી હામ;
જનુનીએ જણ્યો ત્યારે આડો શે ન આવીયોરે,
તારી માની કુખે ન દીધો ડામ. હું તો
સગાં ને કુટુંબીરે, બુડાવાને સૌ મળ્યું રે;
તરવાને ત્રીકમ નામ સંભાર;
ચટકા તને લાગે તો ઝટપટ ચેતજેરે,
હવેથી તું ગાફલ ન રહીશ ગુમાર. હું તો.
ડહાપણને ડોળ્યું રે, સ્વાર્થ સાથમાંરે,
પરમાર્થની ન જાણી પેર;
રણછોડ કહે છે રે રાંડના ચેતજેરે,
વહી ગયો લોભે નદીની લહેર.

૬૪

નહીરે વિસારૂં હરિ,
અંતરમાંથી નહીરે વિસારૂં હરી;
આડે માર્ગે જાતાં ને વળતાં,
અમુલખ વસ્તુ જડી. અંતર.
નદી જુમનાંનાં જળ ભરવાને જાતાં,
શીરપર મટુકી ધરી. અંતર.

પીળાં પીનામ્બર જરકસી જામા,
કેસરી આડ કરી. અંતર.
મોર મુગટ ને કાને કુંડળ,
મુખપર મોરલી ધરી. અંતર.
રાણી રૂક્ષ્મણીના મહેલ તજીને,
કુબજાને રાણી કરી. અંતર.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
વરતો વીઠલને વરી. અંતર.

૬૫

હરિગુણ ગાવોરે ગાવો, કે અવસર નહિ આવે આવો.
મુનષ્યા દેહીનો મેળાવો, હરીગુણ ગાવોરે ગાવો. ટેક.
કે લક્ષચોરાશીમાં ફરશો, ફરી ફરી અવતરશો મરશો;
ધોખો જનમ જનમ ધરશો, હરિગુણ ગાવોરે ગાવો.
સૌ મળી કહે મારૂં મારૂં, તેમાં કાંઇ નથી તારૂં;
મૃગજળ માયનું લારૂં, હરિ ગુણ ગાવોરે ગાવો.
અંતે સૌ અળગું રહેશે, વાલપણે વળગ્યું રહેશે;
સુખદુઃખ કોણ કોને કહેશે, હરિગુણ ગાવોરે ગાવો.
સાચ.માં સાચું કરવું, ધ્યાન હરિનું નીત ધરવું;
રણછોડ આ ટાણે તરવું, હરિગુણ ગાવોરે ગાવો.

(

૬૬

જે દુઃખ થાય તે થાજોરે રૂડા રામને ભજતાં (૩)
પંડ પડે તો પડવા દેજો, જીવ જાય તો જાજોરે. રૂડા.
ઉંચો બાંધીનેતળે અગ્નિ પ્રજાળે, માર મુશળ કેરા ખાજોરે;
લોક નિંદે તેને નિંદવા દેજો, રાય દંડે દંડાજોરે. રૂડા.
સાતપાંચ મળી રાંક રણછોડ, ગુણ ગોવિંદના ગાજોરે.

૬૭

સતગુરૂ સહાય કરો એક વારરે,
મારો છે મરખનો અવતારરે;
પથ્થર કરતાં કઠણ હૈયું છે મારૂં રે,
તેમાં હરિનામ ન ભેદે તમારૂંરે,
મારા તો મનની વાતો છે વાંકીરે;
સતગુરૂએ પથ્થર નાંખ્યા ટાંકીરે;
ટાંકીને મારગ મુગતા કીધારે.
સતગુરૂએ મંત્ર અનોપમ દીધારે,
આતમ જ્ઞાન વિના ઘર શુનુંરે,
સગપણ શોધીને કહાડજો જુનુ રે;
જીવ તું તો જાગીને જોને વિચારીરે,
મુવા પછી મુકિત કયાં થકી માગીરે.

એવી છે દાસ હરિની વાણીરે,
તેને તમે રાખજો રૂદીયામાં જાણીરે.

૧૮

જેણેરે ગોવીંદ રામા તમને વીસારયા,
તમને વીસરયા તે નર ભવોભવ હાર્યા. જેણેરે.
તમને વિસારી કવણ સુખ કીધું.
અમરત ઢોળી ઝેર હળાહળ પીધું. જેણેરે.
તમને વીસારી અવર મન મોહ્યું,
કોડીને બદલે કંચન ખોયું. જેણેરે.
તમને વિસારી અવર રાચ્યા,
વંઝ્યા ન રહી તેની જનુની માતા. જેણેરે.
તમને વિસારી નીદ્રા ભરી સુતો,
ભણેરે નરસૈયો તે નર ભવોભવ વગુતો. જેણેરે.

૬૯

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીએરે;
મનસા વાચા કરૂણા કરીને, લક્ષ્મીવરને ભજીએરે. ના
કુળને તજીએ કુટુંબને તજીએ માને તજીએ બાપરે;
ભગની સુતદારને તજીયે, જેમ તજે કાંચળીસાપરે. ના
પ્રથમ પીતા પ્રહલાદે તજીયો, ન તજ્યું હરીનું નામરે,
ભરત શત્રુઘ્ને તજીજનેતા, નવ તજીઆ શ્રીરામરે. ના

રૂપી પત્ની શ્રીહરીને કાજે, તજેલા ભરથારરે;
તે માટે કાંઈ કુડું ન પડીયું, પામ્યા પદારથ ચારરે. ના.
વ્રજત્રનીતા વીઠલને કાજે, સર્વે તજીને વન ચાલ્યાંરે;
ભણે નર વંદ્રાવનમાં, મોહન સાથે માલ્યાંરે, ના.

૭૦

તારી ભક્તિ બોડાણાને ભાવીરે, રણછોડ રંગીલા,
જમણા હાથમાં તુલશી વાવીરે. રણછોડ રંગીલા.
છટે માસે તે ઠેઠ ચડાવીરે, રણછોડ રંગીલા,
મહા મજરો કીધો મધરાતેરે, રણછોડ રંગીલા.
આપ આવ્યા બોડાણાની સાથેરે, રણછોડ રંગીલા.
દેશ ગુજરાતમાં આવીને રહ્યારે, રણછોડ રંગીલા
વાલો ઉમરેઠ આવીને રહ્યારે, રણછોડ રંગીલા
ત્યાં તો પગલાં પુજાયે છે તારાંરે, રણછોડ રંગીલા.
સહુને દર્શન થાય છે સારાંરે, રણછોડ રંગીલા.
ત્યાં તો પ્રગટ પારખું કીધુંરે, રણછોડ રંગીલા,
આખા લીંબડામાં એક ડાળ મીઠુંરે રણછોડ રંગીલા
કાબાને થઈ છે જાણરે, રણછોડ રંગીલા.
કાબા દોડેને ભગત થાય આબારે, રણછોડ રંગીલા.
આશારામને આશરો તારોરે, રણછોડ રંગીલા.
વાલા તરીને પાર ઉતારોરે, રણછોડ રંગીલા.

૭૧ પરેજ.

પ્રભુ વિના બીજું કુણ તારી બેલ્ય છેરે,
હરિ ભજે તો સુખડાની રેલ્ય છેરે,
સગાં સબંધી મતલબ કેરાં સ્વારથીરે.
નાડી તુટે ત્યારે કોઇ કોઇનું નથીરે,
ગાડી રથડા વળી ને હાથી ઘોડલારે,
મેલીને મરવું મહેવું દહાડા થોડલારે,
મોટા રંગનાં ભરેલા રૂડાં માળીઆંરે,
એક દીન સુવું છે મશાણમાં અકાળીયાંરે.
ભણ્યા ગણ્યા મરી ગયા ભોગીયારે,
રામના શરણ વિના જનોભવ રોગીબારે.
ડાહ્યા ડાહ્યા વખણાતા જે નરાં દેશમાં રે
પ્રભુને ભજ્યા વિના પેઠા વંતર વેશમાંરે;
કાયા કોમળી આ તો અગન કેરા રાજનીરે,
રૂદે શીખામણ ધરને રૂષીરાજનારે.

૭૨

ભક્તિ શીશતણું સાટુરે, આગળ વસમી છે વાટું. ટેક
એક દીવસ તો આવી બની, રાજા મોરૂધ્વજને માથે;
કાશીએ જઈને કરવત મુકાવ્યું, હરીજનને હાથેરે ભ.
સત્યને કાજે ત્રણે વેચાણા, રોહીદાસને રાણી;

રૂખીને વાસ્તે રાજા વેચાણા, ભરવાને પાણીરે. ભ.
પેરો પટોળાં પ્રેમનાંરે તમે શુરવીર થઈ ચાલો;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, અમરાપર માલોરે. ભ.

૭૩ શ્રી રાસહુંડી.

મારી હુંડી સ્વીકારો મહારાજરે શામળા ગીરધારી,
પ્રભુ એક તમારો આધરરે શામળા ગીરધારી. ૧

સાખી.

પ્રહેલ્લાદની પત રાખવા, ધર્યું નરસીંહ રૂપ;
થંભ થકી વહાલો પ્રગટીયોરે,
માર્યો હીરણાકશ્યપ ભુપરે. શા. ૨
નીભાડામાંથી બળતાં ઉગાર્યાં, બીલાડી કેરાં બાળ;
ટીટોડીનાંવહાલેઇંડાંઉગાર્યા, હરીહેતેથયારખવાળરે. શા ૩
વાણીઆને વીમાસણ કરી, ને કર્યાં માટીનો આર;
ખાંડણીયામાં મોભી ખાંડીયો,
તમારી મરજી પ્રમાણે મહારાજરે. શા. ૪
રાણાજીએ રાડ વધારી, મીરાં કારણ મહારાજ;
ઝેર ઘોળીને મોકલ્યાં તમે, ઝેરના જાણનહારરે. શા. ૫
ગંગેવ કેરે કારણે, ચક્કર ધરીયો હાથ;
સુધન્વાને કારણે તમે, તેલમાં થયા તતકાળરે. શા. ૬

શીબીરાજની.માટી છાબે તોળાણી, ખાશી કર્યાં શરીર;
ધર્મ કરે કારણે તમે, ડોલવા કારણ મહારાજરે. શા. ૭
સાડાત્રણસો ખોરડાં નાગરનાં, જુનાગઢ મોઝાર,
તેમાં નથી મારે નોતરૂં મને, નાતે દીધો તીરસ્કારરે. શા. ૮
ઝુંપડી તારા સેવકની જમવા નથી જાર;
બેટી બેટા તો વળાવીયાં હવે,
વળાવી છે ઘરની નારરે. શા. ૯
ગરથ તો ગોપીચંદનું તુલસી હેમનોહાર;
સાચું ઘરેણું મારે શામળો મારી,
દોલત છે ઝાંઝને પખાજરે. શા. ૧૦
હું નથી મોટો લાખુપતી, હું નથી શેઠ શાહુકાર;
નરસીમહેતાની વીનતીહું તો, નાગરમાંહું કંગાલરે. શા. [illegible]
શેઠ તો દ્વારકાંપુરી, શામળશાહ જેનું નામ;
હુંડીલેજોહાથમાંમોહન,કરજોપછી બીજું કામરે. શા. ૧૨
તીરથવાસી ગામમાં ફરે, પુછે નામ ને ઠામ;
ગલીએ ગલીએ ફરી વળ્યાં અહીં,
નથી શામળશાહનું નામરે. શા. ૧૩
ધુતારે ધુત લીધા કરી, અમને કહેતું બધું ગામ;
ઠગારે કરી ઠેકડી અમારે, પુર્વ જન્મનાં પાપરે. શા. ૧૪

તીર્થવાશી ગામમાં ફરી નીકળ્યા ઝાંપા બહાર;
ત્યારેરૂપલીધું વાલે વણી તું વાલોત્યાંરેથયા તત્કાળરે. શ૦
કાને કુંડલ જળકે, એના તેજનો નહી પાર;
બાંહે બાજુબંધ બેરખા. હરીને હૈયે હેમનો હારરે. ૧૬
હુંડી લાવો હજુરમાં શામળના મારૂં નામ;
હમેશાં લખજો હુંડીયું કહેજો, વાણોતરસખું કામરે. ૧૭
હુંડી હાથો હાથ આપી વાલે, પુરી હઇઆની હામ;
નરસીહમેતાનોસ્વામી શામળો વાલેતત્રખંડમાંરાખ્યું નામ

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગીરધારી;
માથે ધણી ધાર્યો કીરતારરે શામળા ગીરધારી.
મને કોઇની નથી પરવારે, શામળા ગીરધારી;
શામળીયા જેવો સરદારરે, શામળા ગીરધારી. ૧૮

પ્રાત: પ્રભુ પ્રાર્થના
રાગ વેરાવળ ૭૪

પઢોરે પોપટ રાજારામના, સતી સીતા પઢાવે;
પાસેબંધાવી પાંજરૂ,હિરા રતને જડાવે. પઢોરે પોપટ.૧
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવુ;
તેનુંઘડાવું પોપટપાંજરૂં, હીરારતનેજડાવું. પઢોરે પો.૨

પોપટ તારે કારણે, શી શી રસોઇ રંધાવું;
સાકરનાં કરીચુરમ, ઊપ થી પીરસાવું પઢોરે. ૩
પાંખ પીળીને પગ પાંડુંગ, કાઠે કાંઠલો કાળો;
નરસૈયાના સ્વામીનેભજો, રાગ તાણી રૂપાળો. પઢોરે. ૪

૭૫ રાગ વેળાવળ.

કોણ એ સમાના કામની, દત્ત કુંગીએલ રામા;
દ્રૌપદીની લજ્જા રાખવા, હરી ઉભા છે સામા. કોણ. ૧
વાલોજી ગયાતારે વાડાયે સર્વ સુંદરી સાથે;
શેલડાનો સાંઠો છોલતાં, છરી પેઠી છે હાથે કોણ. ૨
માનીતી મંદિર પધારિયાં, ચીથરડાંરે લેવા;
દ્રૌપદીએ ચીર વધેરિયાં, હરીને પાટા બાંધવા. કોણ. ૩
ત્રીકમે તેના તાંતણા, લખી રાખ્યા છે લેખે;
નવસેનવાણું ચીરપુરીયાં, સઘળી સભારે દેખે. કોણ. ૪
ગરૂડે ચઢીને ગોવીંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભક્તઉદ્ધારણ ભુધરા મેંતા નરસઇનો સ્વામી. કોણ. ૫

૭૬ વેરાવળ.

આવો અમારે દેશડે, મીઠા મોહન માવા,
દહીં દુધને ઘૃત ઘણું, ખીરનાં ખાંડ ખાવા. આવો ૧
રસોઈ કરી ભાત ભાતની, કાન તમારે કાજે;

પ્રીતમ પ્રીતે પધારીએ, કૃપા કરીને આજે. આવો. ૨
ગંગાજળ મેં તો ગરમ કર્યું, નાથ તમારે નાવા;
આપું પીતાંબર પહેરવા, ચાલો પ્રસાદ આવા. આવો. ૩
અરજ શુણી અલબેલડો, પ્રેમે આવ્યા છે ધાઈ;
ગોપીઓ દેખી ઘેલી થઈ, અતી મન હરખાઇ. આવો. ૪
ભાવથી ભોજન જમાડી, બીડી પાનની દીધી;
ઘણાદિવસની ગોઠડી, કાન આગળ કીધી. આવો. ૫
પ્રેમની સાંકળે બાંધીયા, હવે નહી દઉ જાવા;
નરસિંહના સ્વામી શામળા, ચાલો ગોકુળ ગાવા. ૬

૭૭

નારાયણ નામ લેને પ્રાણિરે,
બદ્રીનાથ પ્રગટયા જુગ જાણી. ટેક.
ગર્ભવાસે રક્ષા કીધી તારીરે;
લીધો જઠારા અગ્નિથી ઉગારીરે,
તેને કેમ મેલ્યો છે વિસારી નારાયણ.
નર દેહ દીધો તુને નાથેરે,
ધન હોયતો વાવર તારે હાથરે;
પડયું રહેશે કાડી નાવે સાથે. નારાયણ.
વણ સમજે કહે મારૂં મારૂંરે,

ધનકાજ ફરે મન ખારૂં રે;
તારે હાથે નથી ધન તારૂં. નારાયણ.
મિથ્યા સુખમાં તે શું લપટાણોરે,
લોક લાજે ગળે દીધો પાણોરે,
જાય છે તૃષ્ણાના પુરમાં તણાણો. નારાયણ
કાયા માયા એ રિતે કાચીરે,
તેમાં રંગમાં શું રહ્યો રાચીરે,
બ્રહ્માનંદ કહે વાત સાચી. નારાયણ.

૭૮

વૈકુંઠ મારૂં ઢુકડું, હરિજનને મન હજુર;
દુરીજનથી દુર વસે છે, પ્રેમી જનને ઉર. વૈકુંઠ.
કામ ક્રોધ લોભજ કહીએ, તેનાં ઉખેડાતે મુળ;
મોહ માયાને મમતા કહીએ, તેનું કાઢો શુળ. વૈકુંઠ.
પાત્ર દેખીને પોષીએ, ભુખ્યાને આપીએ અન્ન;
કુડી સાખો નવ પુરીએ, પરહરીએ પરધન. વૈકુંઠ.
ચિત ચોરિ ના રાખીએ. મારીને રાખીયે મન;
ભણે નરસૈયોવૈષ્ણ કહીએ, હરિને વહાલા હરીજન. વૈકુંઠ.

પદ ૭૯

ઓ રાણાજી જીવનો સંગાથી હરિવણ મારે કોઈ નથીરે
મારે પ્રભુ ભજવાની હામ મારે હરિ ભજવાનીહામરે.ઓ.

ઓ રાણાજી એકરે ગાયોનાં દો દો વાછડાંરે;
તેમના જુદા જુદા લેખ (૨) એકરે શીવ ઘેર પોઠીયોરે.
બીજો ઘાંચીડાને ઘેર, હો રાણાજી જીવનો સગાથી;
ઓ રાણાજી એકરે માટીનાં દો દો માટલાંરે,
હાંરે તેમનાજુદાજુદાલેખ(૨)એકરેમાટલું જશોદા માતનુંરે
બીજું કાલાલને ઘેરરે, હો રાણાજી જીવનો સંગાથી.
ઓ રાણાજી એકરે વેલાને દો દો તુમડાંરે;
હાંરેતેમનાજુદાજુદાલેખ(૨)એકરે તુમડું સાધુ સંગમારેજી;
બીજું રાવળીયાને ઘેરરે હો રાણાજી જીવના સંગાથી.
ઓ રાણાજી એકરે માતાના દો દો બેટડારેજી,
તેમના જુદાજુદાલેખ(૨)એકરેબેટાચોરાશીધુણીએરે.
બીજોતેલખચોરાશીમાહ્યરે, હો રાણાજી જીવનો સંગાથી.
ઓ રાણાજી એકરે વાંસની દો દો વાંસળીરેજી.
તેમનાજુદા જુદા લેખ(૨) એકરેવાંસળીજસોદા માતનીરે.
બીજી વાદીડાને ઘેરરે હો રાણાજી જીવનો સંગાથી.
ઓ રાણાજી રોહિદાસની ચેલી મીરાં બોલીયાંરેજી,
હાંરેકમારેકરવોસાધુસંગ(૨) શામળીયા સાધુના સંગમાંરે.
જેથી ચડે ચોગણું રંગરે હો રાણાજી જીવનો સંગાથી
હરિ વિના કોઈ નથીરે.

પદ ૮૦

કક્કો

છપાયા છંદ.

કક્કા કર સદગુરૂનો સંગ, રૂદે કમળમાં લાવે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દુર પળાય;
લિંગ વાસના હોયે ભંગ, કક્કા કર સદગુરૂનો સંગ
ખખ્ખા ખરેખરી છે વાત, જે શ્રીમુખે કહી સાક્ષાત,
જ્ઞાની મુની જોગી જતી,ગુરુ કિરપા વિણ સિદ્ધિ નથી;
જન્મમરણની મટશે ઘાત, ખખ્ખા ખરેખરી છે વાત. ૨
ગગ્ગા ગુરૂની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ;
એ શીખામણ ચીત્તમાંધરો, ગગ્ગા ગુરૂની સેવા કરો. ૩
ઘઘ્ઘા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બાહાર ભીતર હરિ ભાળવા;
જોતાં જીવ હણાતો જાય; ઘઘ્ઘા ઘણું કહે શું થાય. ૪
નન્ના નિર્મળ તેની દયા, જેને હરિ રૂદીયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો રૂદિયે નવ ગણે,
કોના દોષ ન દેખે કથા, નન્ના નિર્મળ તેની દયા. ૫
ચચ્ચા ચિત્તમાં ચેતી લે, માથે મરણ તણો છે ભે;

મયા ઉપર તાકે કાળ, હામે પારધીએ માંડી જાળ;
તેમાં હરી રાખે તો રહે ચચ્ચા ચિત્તમાં ચેતી લે. ૬
છચ્છા લે માયા ગુણમયી, બળવંતી પણ દીસે નહિ;
દાનવ માનવ ને દેવતા, આધીન થઈ સૌ સેવતા;
હરિજન આગે હારી રહિ, છચ્છા છે માયા ગુણમયી. ૭
જજ્જા વિરલા જાણે ભેદ, માયા પ્રપંચ વિધ નિષેધ;
તે માયાનું તજવું માન, માયાપતી ભજવા ભગવાન;
અંતરમાં ઉપજે નિર્વેદ, જજ્જા વિરલા જાણે ભેદ. ૮
ઝઝા ઝાંખી જોને જેહ, પણ વાદળ જ્યાં વરસે મેહ;
વિના સરોવર અંબુજસાર, વિના ભમ્મર ઉડે ગુંજાર;
વિના અર્ક અજવાળું જેહ, ઝઝા ઝાંખી જોને તેહ. ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર,
કાળ કર્મ નહી લાગે લેશ, આનંદી હરીનો દેશ;
તે પદને પામે નિરધાર, નન્ના નામ નાવ છે સાર. ૧૦
ટટ્ટા ટેક જન્મનો ટળે, અંતરજામી ઘટમાં મળે;
નાના મોટા હરીના ઘાટ, કાંઇ સુક્ષ્મને કાંઈ વૈરાટ,
હરીને ભજતાં હું પદ ગળે, ટટ્ટા ટેક જન્મનો ટળે. ૧૧
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં મળે બીજાની બીક;
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ;
સમજુ આની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક. ૧૨

ડદ્દા ડહાપણ મુકી દે, સદગુરૂને શરણે જઈ રહે,
વચન તણે રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ;
ઉપાધિથી અળગો રહે, ડડા ડહાપણ મુકીદે. ૧૩
ઢદ્દા ઢોલ વગાડી કહ્યુ, રૂડા પુરૂષને રૂદીયે રહ્યું;
સમજ્યા તેણે લીધો સાર ગાફલ નર તો ખાશે માર;
જોતામાં જોબન તો ગયું, ઢદ્દા ઢોલ વગાડી કહ્યું. ૧૪
રેણા રણ ચોરાશી તણું. તેનું વ્યાજ વધેછે ઘણું
કાણી ઘરમાં ડુલીગયો, દેવાળું કાઢીને રહ્યો;
જમકિંકર કરશે તાપણું, રેણા રણ ચોરાશીતણું. ૧૫
તત્તા તારૂં આપ તપાસ, કયાંથી આવ્યો કયાં તું જાસ;
ખેપ કરી ખોળી કાઢ, હરિફ, હોય તો લાગે હાડ;
મુરખના મનમા નહિ ત્રાસ,તત્તાતારૂં આપ તપાસ. ૧૬
થથ્થા સ્થિર તો રહેવુ નથી કોણ રંક કે પૃથ્વીપતી;
આજકાલમાં જાવું સહી, કોટી ઉપાયે રહેવું નહી;
ભાવધરી ભજકમળાપતી;થથ્થાસ્થિર તો રહેવું નથી ૧૭
દદ્દા દેહ દેવળમાં દેવ, સેવક થઇને કરને સેવ;
પ્રેમ પુષ્પને ચંદનહાર, જ્ઞાનદીપક ઘટમાં અજવાળ.
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ. ૧૮
ધદ્દા ધરજે ધારણ ધીર, વાચ્ય કાચ્છ વશ રાખે વીર;
શબ્દ તણી ગ્રહજે સમશેર, શત્રુ ળમાં પાડે એમ;

સદ્ગુરૂ બખ્તર પહેર શરીર,ધદ્ધા ધારણ ધરજેધીર. ૧૯
નન્ના નિશાન ગુરૂનું છેય, ધીરવીર પગ રોપી રેય;
કાયર નરનું નહિ ત્યાં કામ, શુરવીરનો સાચો સંગ્રામ;
જીત્યા નિર્ગુણ જગમાજેય, નન્નાનિશાનગુરૂનું છેય. ૨૦
પપ્પા પુરાની જેપ્રીત, મેરૂ ચળે પણ ન ચળે ચિત્ત;
ધ્રુવનીપેરેઅવીચળરહે, સ્તુતિ નીંદાને સુખદુઃખ સહે;
નારાયણને નીરખે નીત, પપ્પા પુરાની જે પ્રીત. ૨૧
ફફા ફોગટ તે કોણ ફરે, સચેત થઇ હરી સ્મરણ કરે;
જન્મમરણમાં આવે નહિ,જેનુંમન વશીયું હરીમહી;
બબ્બા ખાંડનાં બીબા ભરે, કોયલ કાગડો કુંજર કરે; ૨૨
મીનમગર બહુ જળચર જાત,જેવું બીબું તેવી ભાત;
બીસરી જોતાં તો મન ઠરે, બબ્બા ખાંડનાં બીબાં ભરે.
જઠરા વાસ ન નિશ્ચે કરે, ફફા ફોગટ તે કોણ ફરે. ૨૩
ભભ્ભા ભજનથકી ભયટળે, નીશ્ચય કાળકરાળ ન ગળે;
ભેખ ધરે જો સીદ્ધી થાય, ભાંડ ભવૈયા વૈકુંઠ જાય;
જેવોભાવતેવા હરી મળે, ભભ્ભા ભજન થકી ભય ટળે, ૨૪
મમ્મા માયા મનની જાણ; મારૂં તારૂં એંચાતાણ;
સઘળે સરખો આતમારામ, સાંધા વાંધા મનનું કામ
માટેમન હરીચરણે આણ, મમ્મામાયામનની જાણ, ૨૫
જજ્જા જીવપણું જેહને, સંશય શોક સદા તેહને,

આત્માબુદ્ધી ન ઉપજે કદા, આશા તૃષ્ણાને આપદા,
દેહ દરશી દેખે દેહને, જજ્જા જીવપણું જેહને, ૨૬
રેરા રામ ભજનમાં રહે, બીજું બકવું મુકી દે,
વળતો શીદ વદે છે વાદ, નીર વલોવે ન આવે સ્વાદ;
હરીનું હારદ હેતે ગ્રહે, રેરા રામ ભજનમાં રહે. ૨૭
લલ્લા લે તું આત્મ લાવ, ફરી ફરી નવ આવે દાવ;
જીતી બાજી હારીશ નાહ; સમજુને શીખામણ કહી;
હવે ન ચુકીશ આવ્યો દાવ,લલ્લા લે તું આત્મ લાવ. ૨૮
વવ્વા વેદ વચન નિરધાર જે, પ્રીછે તે પામે પાર;
ઉંચ નીચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદગતી
સંશય શોક તજજો અહંકાર, વવ્વા વેદવચનનિરધાર. ૨૯
શશ્શા સાધન સર્વે થયું, જેનું હરિ ચીત ચરણે રહ્યું;
હરતાં ફરતાં હરીનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દાન;
કોટીવીધન ભય દુષ્કૃતગયું,શશ્શા સાધન સર્વે થયું. ૩૦
સસ્સા સઘળે સુંદર શ્યામ,હરી વીના નહી ઠાલો ઠામ;
અનેક રૂપે એનાં નામ, આદે અંતે એકજ રામ
જો સમજે તો પુરણ કામ, સસ્સા સઘળે સુંદરશ્યામ. ૩૧
હહા હરી ભાળો ભરપુર, દોષ કર્મ તો રહેશે દુર;
રવી ને રજની નહીંકો કાળ.તેમ આત્મા પુરણ ભાળ;
નિર્મળ નયણે નિરખોનુર,હહા હરી ભાળો ભરપુર. ૩૨

સૌ અક્ષર સંપુર્ણ થયા હરી ગુરૂ સંતે કીધી દયા;
અક્ષર અક્ષર આત્મબોધ, જો સમજે તો ટળે વીરોધ;
સંવતઅઢાર બત્રીસીસાલ, ચૈતર સુદ સાતમ સોમવાર.૩૩
સંધેસર સાધુનું ધામ, ઠાકોર કુંજબીહારી નામ,
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા,હરી ગુરૂ સંતે કીધી દયા. ૩૪

પદ ૮૧

ઉપદેશ.

દેહ મનુષ્ય ધરી, હરી ના જાણ્યા તેણે સરવસ ખોયું,
મારા વાલાજી,મહામણી મુકીને પથ્થરથી ચીત પ્રોયું, ટેક.
તેં અમરત ઢોળી વિષ પીધું, તેં હાથે કામ કુડું કીધું,
તેં મિથ્યા માતને દુઃખ દીધું. દેહ૦
તનેજાળવીઓ જઠરામાંહી, તારૂં રક્ષણ કર્યું પ્રભુએ ત્યાંહી,
તે ભાન તને સ્વપ્ને નહી. દેહ૦
તેં જગતપતિને નવજોયો,કલ્પવૃક્ષ તજી બાવળ બોયો,
તેં ઉત્તમ જન્મ એળે ખોયો. દેહ૦
એની દેહઅશુદ્ધઅશુદ્ધવાણી, જેણે પ્રીત પ્રભુશું નવ આણી;
એ અધમ જાત પામર પ્રાણી. દેહ૦
એને કૃતઘ્નીસરખા કહીએ, તેની સંગે તે સરખાથઇએ;
કહે પ્રીતમ એથી અળગા રહિએ; દેહ૦

પદ ૮૨

હરી ભજન કરો, ભય ભાગે જમ-દુતનો ભક્તિભાવે;
અંતકાળસમે, હરિનું બાનું હોય ત્યાંજમસીદ આવે. ટેક.

જેને તીલક છાપ તુલસી માળા,
જેને મુખડે ગોવીંદ ગોપાળા;
તેને શું રે કરે જમડા કાળા. હરિ૦ ૧

એવો ભજન તણો પતાપજ છે,
તેને લખ ચોરાશી માફજ છે. હરિ૦ ૨

એવું નિર્ભય નારાયણનું બાનું,
તેનું ખોળે ન રવીનંદનું પાનું હરિ૦ ૩

પ્રાણી મારૂં મારૂં ન મીથ્યા કરવું,
એક ધ્યાન હરિનું નીત્ય ધરવું;
કહે પ્રીતમ ભવસાગર તરવું. હરિ૦ ૪

પદ ૮૩

શાખીયો.

જાગો જાગો જીવ લાડકારે, તમને દેઉં છું શીખ;
કહ્યા પ્રમાણે જો ચાલશો, ત્યારે તમને છે ઠીક;
રામ રટોને ભાઈ રંગમાં. ટેક.

લક્ષ ચોરાશી વાટમાંરે, ધર્યા બહુ અવતાર;
મનખો મળ્યો ઘણી મહેનતે, નથી વારંવાર. રામ૦ ૧.

કોઇ આગળ કોઈ પાછળરે, જાવું જાવું જરૂર;
રહ્યું નથી ને રહેશે નહી, રાય રાણાને સુર. રામ૦ ૨

નિવૃત્તિ કહે છે નાથનેરે, નહીં માનો મારી વાત;
પડશો પ્રવૃત્તિના પાસમાં, પછે પછાડશો હાથ. રામ૦ ૩

ન હોય કુટુંબ એ તાહરૂંરે, રટો રામ મુકી રાજ;
રણ સંબંધે આવી મળ્યું, લેણા દેણાને કાજ. રા૦ ૪.

ન હોય એ તરૂણી તાહરીરે, હાખે સ્વલ્પનું સુખ;
વીકાર તે થકી વાધશે, પછી દાવાનળ દુખ. રામ૦ ૫

પુત્રને પેટ પીતા આવતારે, પીતાને પેટ પુત્ર;
ખેલ રામનો, એમ ચાલ્યું ઘરસુત્ર. રામ૦ ૬

પાળી પોષીને મોટા કરેરે, જીવને આણીને સોષ;
તે પુત્ર સુખ મેલે દેવતા, જુઓ ગુણના ભાઇ દોષ. રા. ૭

છળ પડે છે એક એકથીરે, એવો માયાનો ઘોળ;
અન્યોઅન્યે વળગી રહ્યું, માટે જાય ઘરબોળ. રા૦ ૮

કાયા પરપોટો નીરનોરે, ફુલ્યો ફુટીને જાય;
ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેરામ જશ ગાય. રામ૦ ૯

પદ ૮૪

રાજીયો.

જુઓને નીર ઝાકળ તણું રે, દેખે છે સઉ લોક;
પળ પછી કાંઈ ના મળે, એમ જોબન છે ફોક;
રામ રટાને કોઈ રંગમાં. ટેક.
નિવૃત્તિ રાણી એમ બોલીયાંરે, મને નાથની છે ભાળ;
કહ્યું કરો તમે કંથજી, ફરી નહી આવે તાલ. રામ. ૧
નાટક વીષ્ણુએ રચ્યું જ્યારનું રે, ચીતર્યા ચોદ માળ;
અથડાયો છે જીવ ત્યારનો, વેઠ્યા કોટીક કાળ. રા. ૨
સતીતણું કહ્યું સાંભળીરે, લાગ્યો રામનો રંગ.
દશકો નિવૃત્તીનો વહી ગયો, પછી પ્રવૃત્તિનો સંગ. રા. ૩
સંતાન થયાં નિવૃત્તિનેરે, પ્રાણ પુરૂષનો સંગ,
ધર્મ સંતોષ વડા દીકરા, જેનો અદ્દભુત રંગ, રા. ૪
શાંતી સંતોષની નાર છેરે, દયા ધર્મને શરણ;
વિવેક વૈરાગ્ય વીચારજી, પુંછે વાળના છે ત્રણ. રા. ૫
જ્ઞાન વહુ છે વૈરાગનાંરે, ક્ષમા વિવેકની નાર;
અકકલ વહુ છે વીચારનાં, એક સુરતી કુમાર. રા. ૬
એ તો પરવાર નિવૃત્તિનોરે, સંકેતમાં કહેવાય;
ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેરામ જશ ગાય. રા. ૭

પદ ૮૫

રાજીયો.

પ્રવૃત્તિ રાણી પછી બેશીયાંરે, ન્હોય તમારા ઢંગ;
હુસારત થશે તમ તણી, નવ કરો એનો સંગ.
રામ રટોને કોઈ રંગમાં ટેક.
નવ કરો કહ્યું શોકયનુંરે, તમને દઉં છું શીખ;
જોગી કર્યાની આશા એહને, કંઇને મંગાવી ભીખ. રા૦
અકબરશાહને એ મળીરે કરી મુકયો ફકીર
ટુકડા માગનો તેને કર્યો, ઉતાર્યું આપ નીર. રા૦ ૨
વાણી મધુરી મુખ ઓચરીરે, દાખ્યું સ્વરૂપનું સુખ;
રળતા ખપતાં દીન વહી ગયા. પછી વળી ગયું મુખ.. ૩
શ્વેત કેશો ત્વચા લડબડીરે, આવ્યાં નેતરે બેતાળ;
દંતપુરી તો ઉજડ થઈ, આવ્યો ઢુંકડો કાળ. રા૦ ૪
લોભ પ્રવૃત્તિનો દીકરોરે, જેની લાલચ નાર;
ક્રોધની અરીષા કામની, તૃષ્ણા એક કુમાર. રા૦ ૫
જમને મારે ઝાડો થાયછેરે, આવ્યાં આગળ કર્મ;
કોઠો ચોખાળો બીજો કહે, કોઇ જાણે નહી મર્મ. રા૦ ૬
જમને મારે આંસુડાં પડેરે, દેખી વહાલાને રોય;
જડ વાગીછે માંહે જમની, તે તો જાણે નહી કોય. રા૦ ૭

સાથ પ્રવતીનો સહુ ગયોરે, આવી નીવતી નાર;
ગુરૂના ચર્ણ પ્રતાપથી રટો નરભા શ્રી રામ. સ૦ ૮

પદ ૮૬

રાજીયો.

જીવ ગયે સુનુ. સહુ થયું રે, કાયા નગ્ર સુનકાર;
દશ દરવાજા બંધ થયા. તુટયા શ્વાસના તાર;
રામ રટોને કોઇ રંગમાં. ટેક
મુવા જીવને રોતુ નથીરે, રડે સ્વાર્થ સગાઇ;
પોતપોતાનું સર્વે રડે, પ્રગટ આપું છું ગાઇ. રામ૦ ૧
રડે તરૂણી કેવું કહીરે, છુટામુકીને કેશ;
ગયું મણીતળ માહરૂં, જાણીને બાળે વેશ. રા૦ ૨
સાસરવેલી શું કહી રડેરે, પુત્રી સુખ પેર;
હવે અમો તો શું કરૂં, પરણ્યાએ કર્યું કેર. રા૦
ઓથને માટે બંધવોરે, ભુજ લેલાટ લગાઇ;
રણમાં મુકયો મને એકલો, તને ઘટે નહી ભાઇ. રા૦ ૪
માતપીતા કેવું રડીરે, પાળે ઘડપણ મારૂ,
પુત્રી ભગની કેવું રડે, સાસરવાસાને સારૂ. રા૦ ૫
પુત્ર માબાપને કેવુ રડેરે, નથી હામ રતી રેખ;
દીવસ પાણી થશે શા વડે, નથી આસ રહી એક, સ૦ ૬

જમશે સહેશે શુખનેરે, જડશે જમનો માર;
તેમાંનું કોઈ કહેતુ નથી, માટે જુઠો પોકાર. રા૦ ૭
સ્વાર્થ માટે સર્વે રડેરે, વળી કાંઇ લોકાચાર;
નરભા રટો રામને, નહી તો ખાશો પેંજાર. રા૦ રા. ૮

પદ ૮૭

રાજીયો.

કડીયા સુતાર સલાટનેરે, ગણો દાખ્યે દામ,
ગગનમાં મહેલ ગાજી રહ્યા, રટયા નહી કદી રામ.
રામ રટોને કોઇ રંગમાં, ટેક.
મોહોલ કરાવ્યા મોકળારે, બહુ બારીયોના ઠામ,
ઓચીંતા ઉઠીને ચાલીયા, નથી પોહોચી કાંઇ હામ. ૧
આવો હીંચોળાખાટ હીંચીએરે, રવી ઉગમતે ભાણ;
સુખ તમારાં સંભાળતાં, મને વાધે છે બાણ. રા૦ ૨
બચકે બનાતો બાંધી હીરે, ઘણો ઓઢયાનોપ્રેમ;
ગેડયો તેની ભાગી નથી, રહી એમની એમ. રા૦ ૩
સાલો લીધી છે મોંઘા મુલનીરે. લીલા પીળા છે રંગ;
ઓઢી પહેરી નથી નીસર્યા. નથી અડકાડી અંગ. ૪
સ્વામી તમે છો ભુખાળવારે. જાણું તમારી વાત
વહાણું વાયાની વેળા માગતા. દુધ સાકરને ભાત; ૫

ચાર દીવસ જતા જાતરારે, ખાવા રાખતા સાથ;
લાંબે પંથે તમે ચાલીયા, કાંઇએ બાંધ્યું નહી સાથ. રા. ૬
ધન ધરતીમાં ઘાલ્યાં રથારે, સાથે લીધું ન કાંય;
તે ધનને કયારે કાઢશો, તમે ત્યાંહાં અમે આંહય. રા. ૭
તડકે તમે નથી નીસર્યારે, ઘણું કોમળ મુખ;
સાણસીએ જમ તન ચુંટશે, કેમ વેઠશો દુઃખ રા. ૮
ચાર વહુઓને ચાર દીકરારે, નામે ચરણમાં શીશ;
શા માટે મુખે નથી બોલતારે. એવડી શી છે રીસ. રા. ૯
ઓચીંતા ઉઠીને ચાલીયારે, તેનો શો કહું વિવેક;
બીડી આપુ મારા હાથની, લેતા જાઓનો એક. રા. ૧૦
જોત જોતામાં ચાલી ગયોરે, કંઈ બાપના બાપ
જીવની સાથે એ સંચરે, એક પુન્યને પાપ. રા. ૧૧
ગુરૂ છોટલાલ પ્રતાપથીરે, જાગી નરભા તુ જોય;
લેણુ દેણુ આવી મળ્યું, નથી કેનું હશે કોય. રા. ૧૨

પદ ૮૮

(નાથ કેસે ગજકો બંધ છોડાયો)—એ

નાથ તમે જાનત હો સબ ઘટકી,
મીરાં ભક્તી કરે પરગટકી;
નાથ તમે જાનત હો સબ૦ ટેક.
ધ્યાન રી મીરાં ફેર સમર લો;

સેવા કરે રઘુવરકી.
સાલીંગરામકુ તુલસી ચડાવત,
ભાલ તીલક બીચ ટપકી નાથ તમે૦ ૧
કૃષ્ણ મંદીરમાં મીરાંબાઈ નાચત,
તાલ મરદંગ વાગે ઝુટકી;
ઝુમઝુમ પાયે ઘુઘર બાજત,
લાજ ખોલો ઘુંઘટકી. નાથ તમે૦ ૨
વીખના પ્યાલા રાણાજીએ ભેજ્યા,
સાધુ સંગાથે મીરા અટકી;
કરી ચરણામ્રત પી ગયાં મીરાં,
વીષ બની અમરતકી. નાથ તમે૦ ૩
ઘરકી નીકલી ચલીરે કેદારે,
શીરપર ગાગર મટુકી;
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
જેસી દોરી ખેલત નટકી. નાથ તમે૦ ૪

પદ ૮૯
રણછોડજીની તિથીઓ.

સખી પડવે પુરણ બ્રહ્મ, જે કોઇ જાણેરે;
રૂડા રણછોડજીનો ધર્મ, વેદ વખાણેરે.
સખી બીજે બોડાણાજી બોલ બોલ્યા એવારે

રાખશો તો રહેશે તોલ, ઉપજે એવારે.
સખી ત્રીજે તે તુલસીનાં વન પ્રભુજીને પ્યારાંરે,
હાથમાં વાવે હરીના જન, શોભે સારાંરે
સખી ચોથે ચાલ્યા જાય. વસમી વાટેરે
રૂદીયામાં રણછોડ રાય. મળવા માટેરે
સખી પાંચમે પળીયા પંથ. તડકા તનમાંરે;
સેવા કરે હરીના જન, મારા મનમાંરે.
સખી છઠે છાપાં અંગ, ધણીનાં ધરીયાંરે;
રાખે રૂદીયા સાથે રંગ, હવે મન હરીયાં રે;
સખી સાતમે સુંદર શ્યામ. મોહન મળીયારે;
હું તો આવીશ તમારે ગામ. ફેરા ફરીયારે.
સખી આઠમે જોડી વહેલ. બળવંત બેઠારે;
પુર્વ દેશમાં કરી શહેર; પંથમાં પેઠારે.
સખી નોમે નમવા જાય, આવુી રાખેરે,
સેવક સુતા સાંગીમાંય, હરિ રથ હાંકારે.
સખી દશમે આવ્યા ડાકોર, હરજી રસીયારે;
તે ઠેકાણે ઠાકોર, વ્હાલો મારો વસીયારે.
સખી એકાદશીના દત, ગુમળી ઘેર્યારે;
મધરાત્રે આવ્યા મહારાજ, હેરણ હેર્યારે.
સખી બારશે બાંધ્યા છે બંધ, સેવકથી છાનારે;

સોનું તો સવા વાલ પુંજીમાં પામ્યારે.
સખી તેરશે ગુગળી ઘેર, પાછા ફરીઆરે;
મધરાતે આવ્યા મહારાજ, કારજ સરીયાંરે.
સખી ચઉદશે ચરણામ્રત પ્રેમે પીધારે;
હરી કઠણ થયા નંદલાલ સંદેશા ।
સખી પુનમે પુજા થાય, શોભા સારીરે;
દર્શન કરવાને જાય, નરને નારીરે.
સખી પંદર તથા સાત વાર, જે કોઇ ગાશેરે;
તેને મળશે દ્વારકાનો નાથ, વૈકુંઠ જાશેરે,

સમાપ્ત.